મુખગણિત

ભાગ ૨.

કર્તા

માણેકલાલ કાલિદાસ ભટ્ટ.

એસિ. માસ્તર, પ્રૅક્ટિસિંગ સ્કૂલ,

પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજ.

અમદાવાદ.

ગુજરાત ઓરિએન્ટલ બુક ડીપો,

અમદાવાદ.

કીંમત ૦-૧-૯.

મુખગણિત.

ભાગ ૨.

(પૂરા અભ્યાસવાળી સ્કૂલોના ધોરણ ચોથા ને
પાંચમા સારૂ, તથા ગામડાની સ્કૂલોના
ધોરણ ત્રીજા સારૂ.)

રચનાર
માણેકલાલ કાલિદાસ ભટ્ટ.
એસિ. માસ્તર, પ્રૅક્ટિસિંગ સ્કૂલ,
પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજ.
અમદાવાદ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,
શાહ પોપટલાલ મગનલાલ.
ગુજરાત ઓરિએન્ટલ બુક ડીપો
અમદાવાદ.

સંવત્ ૧૯૭૧ — સને ૧૯૧૫.
આવૃત્તિ ત્રીજી — પ્રત ૨૦૦૦

કીં ૦-૧-૯

શ્રી “સત્યપ્રકાશ” પ્રિન્ટિંગ પ્રેસમાં
શા. ડાહ્યાભાઈ શંકરાભાઈ ગાંધીએ છાપ્યું.
ખાડીઆ—અમદાવાદ.

પ્રસ્તાવના.

૧ નવા ધોરણો પ્રસિદ્ધ થયા પછી ચોથા તથા પાચમા ધોરણમા, મુખગણિતના વિષયમા, અમુક ગુણોત્તરો આવે એવા પ્રશ્નો પૂછવામા આવશે, એવુ જોઇ ઘણા શિક્ષકોને એમ લાગેલુ કે હવે લેખા કાઢી નાખવામા આવ્યા છે, અને આ કઇક નવુજ દાખલ કરવામા આવ્યુ છે આ પુસ્તક જોયા પછી માલમ પડશે કે એમ ધારવુ એ કેવુ ભૂલ ભરેલુ હતુ ખરૂ જોતા વિષય તેને તેજ છે છતા તેની કક્ષા વિસ્તૃત થઇ છે, અને તે સાથે પદ્ધતિ ફરે એ સ્વાભાવિક છે

૨ આ પુસ્તકમા જુદા જુદા ગુણોત્તર ઉપરથી ઉપજતી વ્યવહારમા ચાલતા લગભગ સર્વ પ્રકારના લેખા કે મોના હિસાબોની કુચીઓ આપવામા આવી છે નામદાર સરકારે મજુર કરેલા ધોરણોમા ધોરણ ચોથામા ૧૨. ૨૦, ૨૪, ૩૦, ૪૦, ૪૮, ૫૬, ૧૦૦, ૧૨૦, અને ૩૬૦ એટલા ગુણોત્તરોનો ઉપયોગ થાય એવા પ્રશ્નો પૂછવાના ઠરાવેલા છે, માટે આ પુસ્તકમાથી તે પ્રમાણેના હિસાબો ચલાવવા, તેમા એ ધ્યાનમા રાખવુ કે ચાલેલા કોષ્ટક જેટલી જાતના હિસાબો શીખવવાના છે ધોરણ પાચમામા ઉપરના ગુણોત્તરો ઉપરાત ૮, ૧૦, ૧૬, ૩૨, ૬૪, ૨૪૦, ૨૫૬, ને ૩૨૦ એટલા ગુણોત્તરો આવે એવા હિસાબો ચલાવવાના છે. ગામડાના ત્રીજા ધોરણ માટે લગભગ આ બન્ને ધોરણ જેટલો અભ્યાસક્રમ રાખેલો હોય એમ જણાય છે. જુદા જુદા ગુણોત્તરની કુચીઓ કઢાવતી વખતે ધોરણોમા ચલાવવાના ગુણોત્તરોનો ક્રમ નીચે મુજબ રાખવાથી શિક્ષકને શિક્ષણમા ઘણીજ સરળતા થશે અને બાળકોને યાદ રાખવુ સહેલુ થઈ પડશે

ધોરણ ૪ થુ —૧૨, ૨૪, ૪૮, ૯૬, ૨૦, ૪૦, ૧૨૦ ૩૬૦, ૧૦૦, ૩૦,

ધોરણ ૫ મુ —૮, ૧૬, ૩૨, ૬૪ ૨૫૦, ૧૦, ૨૪૦ ૩૨૦

કુચીઓ શી રીતે કઢાવવી તે પહેલા ભાગ ગુણોત્તરમા સવિસ્તર આપવામા આવ્યુ છે. તે પ્રમાણે આગળના ગુણોત્તરની કુચીઓ પણ કઢાવવી કેટલાક ઉદાહરણો છોડી બતાવ્યા છે તે પ્રમાણે દાખલા મોઢેથી કરાવવા જેમ બને તેમ ટુકી રીતે દાખલા ગણાવવા ધ્યાનમા રાખવુ મનોયત્નોમા જે દાખલા આપ્યા છે તે માત્ર નમુના દાખલાજ ગણવા એક કુચીથી છુટતા દાખલાઓ પાકા શીખવ્યા પછીજ બીજી કુચી અને તેને લગતા દાખલા શીખવવા મહાવરા માટે પુષ્કળ દાખલા કરાવવા, અને તે શિક્ષકે જાતે ઉપજાવી લેવા વચ્ચે વચ્ચે શી રીતે દાખલો ગણે છે તેની ખાત્રી કરવી ટુકી રીતે ન ગણતા લાબી રીતે છોકરો દાખલો ગણતો હોય તો તેને ટુકી રીત સમજાવવી ને રીતે ગણવા કહેવુ જેનો દાખલો ખોટો હોય તેને ગણાવવા કહેવુ, અને તેમ કરતા શા કારણથી તેણે ભુલ કરી તે શિક્ષકે ખોળી કાઢી તે તરફ તેનુ ધ્યાન ખેચવુ

અમુક ગુણોત્તરનો ઉપયોગ થાય એવા દાખલા કરવા એનો અર્થ એવો નથી કે આ પુસ્તકમા જેટલી જાતના પરિમાણ તે ગુણોત્તરની સામે દર્શાવવામા આવ્યા છે તેટલીજ જાતના હિસાબ તે ગુણોત્તરની કુચીઓની મદદથી છોડવા અને બીજા નહિ ગુણોત્તરનો એવો સકુચિત અર્થ કરવાનો છેજ નહિ એ ગુણોત્તર ઉપરના વિવેચનથી સ્પષ્ટ છે જે પરિમાણો

આપવામા આવ્યા છે તે માત્ર કોષ્ટકોમાથી નમુના-રૂપેજ છે. એ સિવાય બીજાં ઘણા પરિમાણો વચ્ચે અમુક ગુણોત્તર હોઇ શકે દાખલા તરીકે આઠનુ ગુણોત્તર લો. દર્શાવ્યા ઉપરાત ૩ મણ ને ૧૫ શેર, ૮ વાલ ને ૧ાા રતી, ૨ાાા કળશી ને ૫ાા મણ, ૨ વર્ષ ને ૩ મહિના, ૧ા રૂપીઓ ને ૨ાા આના ઇત્યાદિ ઇત્યાદિ પરિમાણો વચ્ચે પણ ગુણોત્તર આઠનુજ છે. પણ પુસ્તક લખનાર આવા બધા દર્શાવવા બેસે તો તેનો અત ક્યારે આવે ? આથીજ માત્ર કોષ્ટકોમા આવેલા પરિમાણોમાથી અમુક અમુક ગુણોત્તરમા ક્યા ક્યા પરિમાણો આવે તે **નમુના દાખલ** બનાવવામા આવ્યુ છે એથી શિક્ષકોએ ગુણોત્તરનો અર્થ સકુચિત કરી નાખવો નહિ. તેમણે સમજવુ જોઇએ કે ઉપરના પરિમાણો પરથી ઉત્પન્ન કરેલા દાખલા છોડતા પણ આઠના ગુણોત્તરની કુચીઓજ કામે લાગશે.

આ પછી પ્રશ્ન થશે કે ત્યારે અમુક દાખલા કેવી રીતે ગણાવવા ? સામાન્ય રીતે તો દાખલા કુચીઓની મદદથી અથાત્ એકમ રીતિથીજ ગણાવવા પણ કેટલીક વખત એવુ બને છે કે એ રીત જરા લાબી પડે છે અને એથી સહેલી બીજી રીત હોય છે દાખલા તરીકે ૩ ૮ાાા નો મહિનો તો ૩ દિવસનું શુ ? આવા દાખલામા મહિના અને દિવસના ગુણોત્તર ૩૦ ની કુચી પરથી એક દિવસનો જવાબ કાઢી તેને ૩ વડે ગુણીને જવાબ કાઢવા કરતા મહિનો ને ૩ દિવસનુ ગુણોત્તર ૧૦ છે માટે ૧૦ ના ગુણોત્તરની કુચી ‘ રૂપીઆથી દશ ગણા દોકડા’નો ઉપયોગ કરીએ તો જવાબ જલદી નીકળશે આમ જ્યાં સહે-

લાઇથી સીધુ ગુણોત્તર જડી આવતું હોય ત્યા એ રીતે હિસાબ ગણવો. યાદ રાખવુ કે મોટા ગુણોત્તરમાં એ રીત સહેલી નહિ પડે ત્યા તો એકમની રીતજ કામે લગાડવી પડશે વળી કોઇક વખત અઘરા દાખલાઓમા બેવડા ગુણોત્તર લાગુ પાડવાના હોય છે, માટે બુદ્ધિપૂર્વક ત્યા તેવા શોધો કાઢવા, અને પછી તે ગુણોત્તરની કુચીમાથી અમુક યોગ્ય કુચી લાગુ પડાવી જવાબ કઢાવવો. આવી રીતે ગુણોત્તરની કુચીઓનો ઉપયોગ થાય તોજ સામાન્ય કુચીઓ રાખવાનો હેતુ સફળ થાય, અને ગણિતના વિષયમા બાળકોની દૃષ્ટિ મર્યાદા વિસ્તૃત થાય.

૬ આશા છે કે આ પુસ્તક શિક્ષકો તેમજ વિદ્યાર્થિઓને ઉપયોગી તેમજ માર્ગદર્શક થઇ પડશે ટૂક મુદતમા એની ત્રીજી આવૃત્તિ નીકળે છે તેજ એ હેતુ સાધ્ય કરવાની એની શક્તિ સિદ્ધ કરે છે જ્ઞાનવૃદ્ધ શિક્ષકો પોતાના અનુભવ ઉપરથી યોગ્ય સૂચનાઓ કરશે તો તે પર યોગ્ય અવસરે લેખક વિચાર કરવા ચૂકશે નહિ નવી આવૃત્તિને માટે જેમણે કઇક કઇક પણ સૂચના કીધેલી છે તેમનો અતકરણપૂર્વક આભાર માનવામા આવે છે

પ્રે ગ ટ્રેનિગ કૉલેજ.
અમદાવાદ.
હાઉસ માસ્ટર્સ ક્વાર્ટર્સ
તા ૧-૪-૧૪

માણેકલાલ કાલિદાસ ભટ્ટ

અગત્યના ગુણાકારો

પાયે પાયે એક આનો

૦। × ૦। = ૦)–
૦॥ × ૦। = ૦)=
૦॥। × ૦। = ૦)≡
૧ × ૦। = ૦।
૧। × ૦। = ૦।–
૧॥ × ૦। = ૦।=
૧॥। × ૦। = ૦।≡
૨ × ૦। = ૦॥
૨। × ૦। = ૦॥–
૨॥ × ૦। = ૦॥=

પા અર્ધે બે આના.

૦। × ૦॥ = ૦)=
૦॥ × ૦॥ = ૦।
૦॥। × ૦॥ = ૦।=
૧ × ૦॥ = ૦॥
૧। × ૦॥ = ૦॥=
૧॥ × ૦॥ = ૦॥।
૧॥। × ૦॥ = ૦॥।=
૨ × ૦॥ = ૧)
૨। × ૦॥ = ૧)=
૨॥ × ૦॥ = ૧।

પા પોણે ત્રણ આના

૦। × ૦॥। = ૦)≡
૦॥ × ૦॥। = ૦।=
૦॥। × ૦॥। = ૦॥–
૧ × ૦॥। = ૦॥।
૧। × ૦॥। = ૦॥।≡
૧॥ × ૦॥। = ૧)=
૧॥। × ૦॥। = ૧।–
૨ × ૦॥। = ૧॥
૨। × ૦॥। = ૧॥≡
૨॥ × ૦॥। = ૧॥।=

પાયે પાયે એક આનો

૦। × ૦। = ૦)–
૦॥ × ૦॥ = ૦।
૦॥। × ૦॥। = ૦॥–
૧ × ૧ = ૧
૧। × ૧। = ૧॥–
૧॥ × ૧॥ = ૨।
૧॥। × ૧॥। = ૩)–
૨ × ૨ = ૪
૨। × ૨। = ૫)–
૨॥ × ૨॥ = ૬।

રૂ ૦)-નો વર્ગ ૧ ઉપઆનો,
રૂ. ૦)= ,, રૂ. ૦) ૦।
રૂ ૦)≡ ,, રૂ. ૦)૦॥ ૧. ઉ
રૂ ૦। ,, રૂ ૦)-
રૂ ૦।- ,, રૂ ૦)-॥ ૧ ઉ
રૂ. ૦।= ,, રૂ. ૦)=।
રૂ. ૦।≡ ,, રૂ ૦)≡ ૧ ઉ.
રૂ ૦॥ ,, ૦।

રૂ. ૦॥- ,, રૂ ૦।- ૧ ઉ
રૂ ૦॥= ,, રૂ. ૦।=।
રૂ ૦॥≡ ,, રૂ ૦।≡॥ ૧ ઉ.
રૂ. ૦॥। ,, રૂ ૦॥-
રૂ ૦॥।- ,, રૂ ૦॥=॥ ૧ ઉ
રૂ ૦॥।= ,, રૂ ૦॥। ૦।
રૂ ૦॥।≡ , રૂ ૦॥।= ૧ ઉ
રૂ ૧ ,, રૂ ૧)

કેટલાંક અગત્યનાં કોષ્ટકો.

૧૨ પાઈ = ૧ આનો
૧૬ ઉપઆના = ૧ આનો
૫ સુરતી પૈસા = ૧ આનો
૧૬ આના = ૧ રૂપીઓ

---

૧૬ બદામ = ૧ દોકડો
૨૫ બદામ=૧ પેસો=૦।આનો
૧૦૦ બદામ = ૧ આનો
૬। દોકડા = ૧ આનો
૧૦૦ દોકડા = ૧ રૂપીઓ

---

૪ ફાર્ધિંગ = ૧ પેન્સ
૧૨ પેન્સ = ૧ શિલિંગ
૨૦ શિલિંગ = ૧ પાઉન્ડ
૨૧ શિલિંગ = ૧ ગિનિ

૨॥ રૂપીઆભાર= ૧ અધોળ
૪॥ પેસાભાર = ૧ અધોળ
૨ અધોળ = ૧ નવટાંક
૨ નવટાંક = ૧ પાશેર
૨ પાશેર = ૧ અચ્છેર
૨ અચ્છેર = ૧ શેર
૪૦ શેર = ૧ મણ
૧૨ મણ = ૧ માણી
૧૬ મણ = ૧ કળશી
૨૦ મણ = ૧ ખાડી
૩૦ મણ = ગાલ્લી
૩૨ મણ = ૧ એડીઉ
૪૦ મણ = નાનો મુડો
૧૦૦ મણ = ૧ મોટો મુડો

---

૪૮ શેર = ૧ ઘડી
૨૦ ઘડી = ૧ ભાર
૨૪ મણ = ૧ ભાર

---

૮ ચોખાભાર = ૧ રતી
૩ રતી = ૧ વાલ
૧૬ વાલ = ૧ ગદિયાણો
૨ ગદિયાણો = તોલો

---

૮ રતી = ૧ માસો
૧૨ માસા = ૧ તોલો

---

૨ ટિપરી = ૧ શેર
૪ શેર = ૧ પાયલી
૧૬ પાયલી = ફરો કે મણ

---

૧૨ નગ = ૧ ડઝન
૧૨ ડઝન = ૧ ગ્રોસ

---

૮ ગ્રામ = ૧ ઔસ
૧૨ ઔસ = ૧ પૌંડ

---

૨૦ નગ = ૧ કોડી
૧૦૦ નગ = ૧ સેકડો
૧૦ સેકડા = ૧ હજાર

---

૨૪ તાવ = ૧ ઘા
૨૦ ઘા = ૧ રીમ
૧૦ રીમ = ૧ ગાસડી

---

૨ ઇચ = ૧ તસુ
૨૪ તસુ = ૧ ગજ

---

૧૨ ઇચ = ૧ ફૂટ
૨ ફૂટ = ૧ ગજ
૩ ફૂટ = ૧ વાર
૧॥ ગજ = ૧ વાર

---

૨૦ ચો૦ કાઠી = ૧ વસો
૨૦ વસા = ૧ વીઘો

---

૧૬ ચો૦ આના = ૧ ગુઠા
૪૦ ગુઠા = ૧ એકર

---

૩૦ દિવસ = ૧ મહિનો
૧૨ મહિના = ૧ વર્ષ

(અત્રે ટૂકામાજ આપવામા આવ્યા છે, વિશેષ માટે અકગણિતમા જુઓ

મુખગણિત.

ભાગ ૨.

પ્રકરણ ૧.

ગુણોત્તર +

નવા ધોરણોમા પૂરા અભ્યાસવાળી સ્કૂલોના ચોથા તથા પાચમા ધોરણમા અને ગામડાની સ્કૂલોના ત્રીજા ધોરણમા મુખગણિતના વિષયમા અમુક ગુણોત્તરો અને ગુણોત્તર આવે એવા પ્રશ્નો પૂછવાનુ ઠરાવવામા આવ્યું છે; માટે પ્રથમ ગુણોત્તર વિષે વિચાર કરીએ

૧. ગુણોત્તર એટલે શું—બે સાદી સંખ્યામા પહેલી બીજીથી કેટલા ગણી છે અથવા કેટલામો ભાગ છે, એ દર્શાવનાર સંખ્યા તે બે સંખ્યાઓનુ ગુણોત્તર અથવા પહેલી સંખ્યાનુ બીજી સાથેનુ ગુણોત્તર કહેવાય છે જેમકે ૨૪ અને ૮ એ બે સાદી સંખ્યાનુ ગુણોત્તર ૩ છે, કારણ કે પહેલી સંખ્યા બીજીની ત્રણ ગણાઈ બરોબર છે બીજી ને પહેલીનુ ગુણોત્તર ⅓ છે, કારણ કે બીજી પહેલીના ત્રીજા ભાગ

+ 'ગુણોત્તર શબ્દ ગુણ+ઉત્તર એ બે શબ્દોનો બનેલો છે. 'ગુણ' એટલે 'ગણી' અને 'ઉત્તર એટલે 'વૃદ્ધિ' વધવુ તે' આથી 'ગુણોત્તર' એટલે અમુક ગણી વૃદ્ધિ

જેટલી છે આજ પ્રમાણે એકજ જાતિના* બે પરિમાણો પૈકી પહેલુ બીજાની અમુક ગણાઇ બરાબર કે અમુક ભાગ બરોબર છે, એ દર્શાવનારી સખ્યાને પણ તે બે પરિમાણનુ ગુણોત્તર અથવા પહેલા પરિમાણનુ બીજા પરિમાણ સાથેનુ ગુણોત્તર કહેવાય છે. દાખલા તરીકે ખાડી અને મણ એ બને એકજ જાતિના પરિમાણ છે. તેમાનુ પહેલુ એટલે ખાડી તે બીજાની એટલે મણની ૨૦ ગણાઇ બરોબર છે, અર્થાત્ ખાડી ને મણનુ, કે ખાડીનુ મણની સાથેનુ ગુણોત્તર ૨૦ છે એમ કહેવાય છે. આજ પ્રમાણે મણ એ ખાડીના ૨૦ મા ભાગ બરાબર છે, એટલે મણ ને ખાડીનુ ગુણોત્તર, કે મણ સાથે ખાડીનુ ગુણોત્તર $\frac{૧}{૨૦}$ છે બીજુ દૃષ્ટાન્ત લઇ એ તો તોલો વાલથી ૩૨ ગણો મોટો છે માટે એ બેનુ ગુણોત્તર ૩૨ છે, એથી ઉલટુ વાલ તોલાના ૩૨ મા ભાગ જેટલો છે માટે વાલ ને તોલાનુ ગુણોત્તર $\frac{૧}{૩૨}$ છે

૨ ગુણોત્તરની વ્યાખ્યા ઉપરથી ઉઘાડુ છે કે બે જુદી જુદી જાતના પરિમાણો વચ્ચે ગુણોત્તર સભવે નહિ. જેમકે ખાડી એ પદાર્થનુ વજન દર્શાવનાર પરિમાણ અને ગજ એ પદાર્થની લબાઇ દશાવનારૂં પરિમાણ છે, અર્થાત્ ખાડી અને ગજ એ બે ભિન્ન જાતિના પરિમાણ છે આ બેનુ ગુણોત્તર સભવે નહિ, કારણકે એકજ જાતના પરિમાણની ગમે તેટલી

---

* **શિક્ષકને સૂચના**—એકજ જાતિના પરિમાણો એટલે શુ તે બાળકના મનમા સચોટ ઠસાવવુ, તોલા, વાલ, ને રતી, રૂપીઆ, આના, ને પાઈ, ખાડી, મણ, ને શેર એ ત્રણે એકજ જાતનાં પરિમાણો કહેવાય, પણ તોલા ને ખાડી, રૂપીઆ ને મણ ઇત્યાદિ જાદી જાતના પરિમાણો કહેવાય

ગણાઇ કરીએ કે ગમે તેટલામો ભાગ લઇએ તોપણ તેની તે જાતનુજ પરિમાણ આવવાનુ પરિમાણની જાત બદલાવાની નહિ. એ ઉપરથી ખુલ્લુંજ જણાય છે કે ખાડીની અમુક ગણાઈ બરોબર કે અમુક ભાગ બરોબર ગજ છે, અથવા ગજની અમુક ગણાઈ બરોબર કે અમુક ભાગ બરોબર ખાડી છે એમ થઇ શકવાનો જરા પણ સભવ નથી

૩. બે પરિમાણોનુ ગુણોત્તર દર્શાવનારી સખ્યાને એમાના એકે પરિમાણનુ નામ આપી શકાય નહિ ગુણાકારની વ્યાખ્યા ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે તે ફક્ત સાદી સખ્યા જ આવે. એક રૂપીઓ અને એક આનો એ બે પરિમાણનુ ગુણોત્તર ૧૬ આવે, એનો અર્થ એરોજ છે કે સોળ વખત એક એક આનો લઈ એ તો એક રૂપીઓ થાય, હવે એ સોળ જે વખત દર્શાવનારી સાદી સખ્યા છે તેને ૧૬ રૂપીઆ કે ૧૬ આના ગુણોત્તર એમ કહીએ એ કેવળ અર્થ વગરનુ છે સોળ ગણાઇ ને બદલે સોળ આના કે રૂપીઆ ગણાઈ એમ કહેવુ તદ્દન ખોટું છે

૪. બે પરિમાણોનુ ગુણોત્તર કાઢવાની રીતઃ- જે બે પરિમાણોનુ ગુણોત્તર કાઢવુ હોય તે બે એકજ જાતના હોય છતા એકજ નામના ન હોય તો પ્રથમ તેમને એકજ નામનુ રૂપ આપવુ પછી જે ક્રમમા આપણને ગુણોત્તર કાઢવાને તે પરિમાણો આપ્યા હોય તેજ ક્રમમા તેમને રાખી પહેલા પરિમાણને બીજા પરિમાણે ભાગવા જે ભાગાકાર આવે તે તે બે પરિમાણોનુ ગુણોત્તર છે એમ સમજવુ. ગુણોત્તર કાઢવા આપેલા પરિમાણોનો ક્રમ બદલી નાખવો નહિ; કારણકે તેમ કરવાથી માગેલો જવાબ ન આવતા તેથી

ઉલટો આવે છે અમુક પરિમાણનુ અમુક પરિમાણ સાથે ગુણોત્તર કાઢો એમ કહ્યુ હોય, તો જે પરિમાણનુ ગુણોત્તર કાઢવુ હોય તેને જે પરિમાણની સાથે ગુણોત્તર કાઢવું હોય તે પરિમાણે ભાગવા. ટૂકમા કહીએ તો 'નુ' પ્રત્યય લાગેલા પરિમાણને બીજા વડે ભાગવા. જે ભાગાકાર આવે તે ગુણોત્તર.

ઉદાહરણો:—(**अ**) તોલા અને રતીનુ ગુણોત્તર કાઢવુ હોય તો તોલાની રતી ૯૬ છે, તેને એક વડે ભાગવી. ભાગાકાર ૯૬ આવે તે તોલાને રતીનુ ગુણોત્તર છે

(**ब**) ખાડી ને કળશીનુ ગુણોત્તર કાઢવું હોય તો ખાડીના મણ ૨૦ ને કળશીના મણ ૧૫ વડે ભાગતાં ભાગાકાર $\frac{૨૦}{૧૫}=\frac{૫}{૪}$ આવે તે ખાડીને કળશીનું ગુણોત્તર છે.

(**क**) પાઈ અને અધેલાનુ ગુણોત્તર કાઢવુ હોય તો એક પાઈ ને અધેલાની $\frac{૩}{૨}$ પાઇ એ ભાગતા ૧ ÷ $\frac{૩}{૨}=\frac{૨}{૩}$ આવે એ પાઇ ને અધેલાનુ ગુણોત્તર સમજવુ

(**ड**) પૈસાભાર ને રૂપીઆભારનુ ગુણોત્તર કાઢવા માટે પૈસાભાર$=\frac{૧}{૭૨}$ શેર છે તેને રૂપીઆભાર $=\frac{૧}{૪૦}$ શેર છે તેના વડે ભાગવા ભાગતા $\frac{૧}{૭૨} ÷ \frac{૧}{૪૦}=\frac{૫}{૯}$ આવે છે ને પૈસાભાર ને રૂપીઆભારનુ ગુણોત્તર કહેવાય છે

૫ ગુણોત્તરની વ્યાખ્યા અને તે કાઢવાની રીત ઉપરથી ખુલ્લુ જણાશે કે 'તોલા ને રતીનુ ગુણોત્તર શુ ?' અથવા 'તોલાનુ રતી સાથે ગુણોત્તર શુ ?' અને 'તોલાની રતી કેટલી ?' એ બને પ્રશ્નોનો અર્થ એકજ છે, કેમકે 'તોલો' એ પરિમાણમા 'રતી' એ પરિમાણ કેટલી સખ્યામા કે કેટલી વાર આવે તે નક્કી કરવાનોજ એ બને પ્રશ્નોનો હેતુ છે

સારાશ કે તોલાને રતીનુ ગુણોત્તર ૯૬ છે, અને તોલાની રતી ૯૬ છે એ બનેનો અર્થ એકજ છે.

૨

મનોયત્ન ૧,

નીચેનાં પરિમાણોનાં ગુણોત્તર કાઢો.

(૧) શેર ને અધોળ.
(૨) પૈસાભાર ને શેર
(૩) મણ ને નવટાંક
(૪) સવાશેરી ને મણ
(૫) ગાલ્લી ને બેડીઉ,
(૬) રતી ને ગદ્દિઆણો
(૭) ગ્રોસ ને ડઝન
(૮) હજાર ને સેકડો
(૯) બેઆની ને મહોર
(૧૦) ગુંઠા ને એકર
(૧૧) ગજ ને વાર.
(૧૨) પોણો શેર ને અચ્છેર.
(૧૩) નવટાંક ને પાચશેરો
(૧૪) ૮ પૌંડ ને ૧૨ શિલંગ.

---

(૧૫) ૧૩ મહોરના રૂપીઆ કેટલા
(૧૬) ૨૪ ગાલ્લીની ખાડી કેટલી ?
(૧૭) ૩૧॥ પાઈના પૈસા કેટલા ?
(૧૮) ૨૪ વાલના તોલા કેટલા ?

(૧૯) ાા આનો ને ૨૫ દોકડાનું ગુણોત્તર શું ?
(૨૦) ૨ાા તસુનુ ૧ા વાર સાથે ગુણોત્તાર શુ ?
(૨૧) ૨ા ગજને ૪ાા વારમાથી બાદ કરો બાકી
રહે તેનુ ૯ તસુ સાથે ગુણોત્તર શું ?
(૨૨) રીમ અને તાવનુ અને ૩ તાવ ને ∕ ધાનુ
ગુણોત્તર કાઢો.
(૨૩) ૫ માણી ને ૧ાા એડીઆનુ ગુણોત્તર કાઢો.
(૨૪) પૌડનુ રૂપીઆ, આના ને પાઇ સાથે ગુણોત્તર શુ?
(૨૫) ૯ પાઇ અને ૨ાા શિલિંગનુ ગુણોત્તર શુ ?

પ્રકરણ ૨

કેટલાંક ગુણોત્તરો.

(૧)

ગુણોત્તર ૮–શેર ને નવટાક, મણ ને પાચ શેર, માસા ને રતી,
આસ ને ગ્રામ, પાયલી ને ટિપરી, ઇત્યાદિ

પ્રથમ નીચે પ્રમાણે પ્રશ્નોત્તરો કરી પછી આગળ ચાલો. શેર ને નવટાકનુ ગુણોત્તર શુ ? મણ ને પાચ શેરનુ? માસા ને રતીનુ શુ ? આગળ શીખી ગયા છે માટે જવાબ મળશે કે ૮

શેર ને નવટાક, મણ ને પાંચ શેર, અને માસો ને રતી એ પરિમાણોમાથી ભારે પરિમાણો બોલો ભારેથી હલકા

કેટલામા ભાગના છે ? હલકાથી ભારે કેટલા ગણા છે ?
(જવાબ મળશે)

ઉપલા પરિમાણોમાના ભારે હલકાથી કેટલામા ભાગના છે તે તમે કહી ગયા છો, તો હવે કહો કે —

૧ ભારે પરિમાણના એકમની કિમત ૧ રૂપીઓ રાખીએ તો હલકા પરિમાણના એકમની કિમત તેના કેટલામા ભાગની આવે? જ આઠમા ભાગની
રૂપીઆનો આઠમો ભાગ કેટલો ? બે આના
રૂપીઆથી કેટલા ગણી એ કિમત આવી ? બમણી.
એજ પ્રમાણે ભારે પરિમાણના એકમની કિમત બે રૂપીઆ રાખીએ તો હલકાના એકમની કિમત શી પડશે? ચાર આના
રૂપીઆથી કેટલા ગણી એ કિમત છે ? બમણા
ભારે પરિમાણના એકમની કિમત ત્રણ રૂપીઆ રાખીએ તો હલકાના એકમની કિમત શી આવે ? છ આના
રૂપીઆથી કેટલા ગણી તે કિમત છે ? બમણી
બમણી એટલે બમણુ શુ આવે છે ? આના

એ ઉપરથી કહાવો કે આઠના ગુણોત્તરવાળા પરિમાણોમા ભારેના એકમની કિમત ઉપરથી હલકાના એકમની કિમત—

" ભારેના એકમના રૂપીઆથી બમણા આના"
જેટલી આવે છે

૨. ઉપર પ્રમાણેજ ભારેના એકમની કિમત એક આનો રાખીએ તો હલકાના એકમની કિમત શી પડે ૦ા પૈસો
(આનાના પૈસા ૪÷૮=૦ા પૈસો)

એ કિમત આનાથી કેટલી છે ? અડધી

કિમત બે આના રાખીએ તો શી પડે ? અડધો
એ કિમત આનાથી કેટલી છે ? અડધી
કિમત ત્રણ આના રાખીએ તો શી પડે ?
૧॥ પૈસો=આનાથી અડધી.

આ ઉપરથી કહાવો કે આઠના ગુણોત્તરવાળા પરિમાણોમા ભારેના એકમની કિમત ઉપરથી હલકા એકમની કિમત—

"ભારેના એકમના આનાથી અડધા પૈસા જેટલી આવે છે

૩. હવે ઉપરનાથી ઉલટુ લઈએ. ઉપરના પરિમાણોમાં હલકાથી ભારે કેટલા ગણા છે ? આઠગણા
હલકાના એકનની કિમત એક રૂપીઓ રાખીએ તો ભારેના એકમની કિમત શી આવે ? આઠ રૂપીઆ
=ભાવના રૂપીઆથી આઠગણા રૂપીઆ
હલકાના એકમની કિમત બે રૂપીઆ રાખીએ તો ?
સોળ રૂપીઆ=ભાવના રૂપીઆથી આઠગણા રૂપીઆ.

એ ઉપરથી કહાવો કે હલકાના એકમની કિમત ઉપરથી ભારેના એકમની કિમત—

"હલકાના એકમના રૂપીઆથી આઠગણા રૂપીઆ" જેટલી આવે

૪ હલકાના એકમની કિમત એક આનો રાખીએ તો ભારેના એકમની કિમત શી આવે? આઠ આના કે અધો રૂપીઓ=ભાવના આનાથી અડધા રૂપીઆ
હલકાના એકમની કિમત બે આના રાખીએ તો ?
સોળ આના કે એક રૂપીઓ=ભાવના આનાથી અડધા રૂપીઆ.

એ ઉપરથી કઢાવો કે હલકાના એકમની કિંમત ઉપરથી ભારેના એકમની કિમત —

" **હલકાના એકમના આનાથી અડધા રૂપીઆ"** આવે છે.

૫. હલકાના એકમની કિમત એક પૈસો રાખીએ તો ભારે એકમની કિમત શી પડે ? બે આના=ભાવના પૈસાથી બમણા આના

કિમત બે પૈસા હોય તો ? ચાર આના=ભાવના પૈસાથી બમણા આના.

એ ઉપરથી કઢાવો કે હલકાના એકમ ઉપરથી ભારેના એકમની કિમત—

" **હલકાના એકમના પૈસાથી બમણા આના** " આવે છે

૬. એજ* પ્રમાણે ભાવ પાઇમા હોય તો હલકાના એકમની કિમતની પાઇથી '**અડધા આના ને બમણી પાઈ**' કિમત આવશે

ઉપરની કુચીઓને ટૂકમા લખીએ તોઃ—

ભારે ઉપરથી હલકાની કિંમત-રૂપીઆથી બમણા આના
—આનાથી અડધા પૈસા

---

* અત્યાર સુધી લેખાના કે મુખગણિતના વિષયમા જુદી જુદી જાતના જેમકે શેરના, મણના, કળશીના, પગારના ઈત્યાદિ હિસાબોમા દરેકની જુદી જુદી કુચીઓ આપવામા આવતી હતી. હવે ગુણોત્તર ઉપરથી જણાય છે કે શેરનો નવટાક સાથે જે સબધ છે, તેજ મણનો પાચ શેર સાથે અને માસાનો રતી સાથે છે, આથી જુદી જુદી ત્રણ કુચીઓ નકામી છે એકજ સામાન્ય કુચી એવી હોઇ શકે

હલકાઉપરથીભારેનીકિંમત–રૂપીઆથીઆઠગણા રૂપીઆ.
–આનાથી અડધા રૂપીઆ.

કે જે ત્રણને એકજ સરખી રીતે લાગી શકે જેમકે જુની રીત પ્રમાણે —

૧ જેટલે રૂપીએ શેર તેથી બમણે આને નવટાંક.
૨ જેટલે રૂપીએ મણ તેથી બમણે આને પાચ શેર
૩. જેટલે રૂપીએ માસો તેથી બમણે આને રતી

આમ બોલાતુ હતું, હવે એ ત્રણને માટે એકજ સામાન્ય કુચી છે કે–**આઠના** ગુણોત્તરવાળા **પરિમાણોમા** ભારેના એકમ **ઉપરથી હલકાના એકમની** કિંમત કાઢવી હોય તો, **રૂપીઆ બમણા આના** ' આવે, દાખલા તરીકે મણ ને પાચશેરીનુ ગુણોત્તર ૮ છે, માટે મણની કિંમત જેટલા રૂપીઆ આપી હોય તેનાથી બમણા આના પાચશેરીની કિંમત આવવાની મણની કિંમત એક રૂપીઓ ધારીએ તો પાચશેરીની કિંમત રૂ ૦)= આવવાની

બજારમા કોઈ કોઈ વાર એક રૂપીઆનુ અમુક પરિમાણ એવો ભાવ થાય છે, તે પ્રમાણે જે ઉપરના દાખલાને બોલીએ તો રૂપીઆનુ મણ તો પાચશેરીના રૂ ૦)= બેગે એને સામાન્ય રૂપમા બોલીએ તો આઠના ગુણોત્તરવાળા પરિમાણોમા —

' એક રૂપીઆનુ જેટલુ ભારે પરિમાણ તેટલાજ હલકા પરિમાણના બે આના ' બેગે, (૧૬–૮=૨ આ.) એમ બોલાય

આ ઉપરથી આપોઆપ સમજાય એવુ છે કે ઉપરની **' રૂપીઆથી બમણા આના '** એ કુચીનુ આ માત્ર **રૂપાંતરજ** છે આથી એક રૂપીઆના ભાવ પરથી કુચીઓ ઉત્પન્ન કરવી એ માત્ર પિષ્ટપેષણ છે, એમ ધારી અત્રે તેમ કરવુ યોગ્ય ધાર્યું નથી. શિક્ષક સહેલાઈથી એ કરી શકશે

* આ કુચી એવી સહેલી છે કે ન કઢાવી હોય તોપણ ચાલે. ચોથા ધોરણના છોકરા એ સાહજ કાઢી શકે એવી છે. હવેથી એવી છોડી દેવામા આવશે

—પૈસાથી બમણા આના.

—પાઇથી અડધા આના ને

બમણી પાઇ.

ઉદાહરણ:—[૧] રૂ ૫] નુ શેર તો નવટાકનુ શુ ?

(૫×૨=૧૦ આના).

(૨) રૂ ૨ાા નુ શેર તો નવટાકનુ શુ ? (૨ાા×૨=૫ આના)

(૩) રૂ. ૧ાા નું મણ તો પાંચ શેરનુ ? (૧ાા×૨=૩ આના)

(૪) રૂ ૨ાાા નો માસો તો રતીનું શુ ? (૨ાાા×૨=૫ાાઆના).

(૫) રૂ ૦)॥ નુ નવટાંક તો શેરનુ શુ ? (૨×૦ાા=૧ રૂ.)

(૬) ૩ પૈસે પાંચ શેર તો મણનુ શુ ? (૩×૨=૬ આના).

(૭) ૨ાા પૈસે નવટાક તો અઢી આનાનું કેટલુ ?

(૨ાા×૨=૫ આના શેરની કિમત, માટે અઢી આનાનુ ૦ાા શેર)

મનોયત્ન ૭.

(૧) રૂ. ૧ાા નુ એક શેર તો નવટાકનું શું ?

(૨) ખાંડ રૂ. ૦)=ાા ની શેર મળે છે તો શે. ૧]=નુ શુ એસે?

(૩) મણ દાળનો ભાવ રૂ ૨ાાા હોય તે શેર ૫]નુ શુ એસે?

(૪) રૂ. ૪ા ના મણ ચોખા આવે તો મણ ૨ાા ૫ નું શુ થશે ?

(૫) રૂ ૨) નુ માસો સોનુ મળે તો ૨ા રતીનુ શુ પડે?

(૬) માસાનો ભાવ રૂ. ૧ાા= હોય તો ૧ાા રતીનુ શુ થાય?

(૭) રૂ. ૧ા≡ાા ની મણ બાજરી મળે તો મણ ૩) ૫ નુ શુ એસે ?

(૮) શેર ઘીની કિંમત રૂ ૦ાા= હોય તો શેર ૨ાા= ની કિમત કાઢો.

(૯) રૂ ૩ાા=ાા નુ માસો તો ૩ માસા ૦ાા રતીનુ શુ ?

(૧૦) ઘહુનો ભાવ રૂ ૨ા−ાા નો છે મારે મણ ૧ાા ૫ નુ શુ આપવુ ?

(૧૧) હીગ રૂ ૦)−ાા ની નવટાક મળે છે, તો ૨ાા શેરનુ શુ બેસે ?

(૧૨) પાચ શેર બટાકાનો રૂ ૦)≈ાા નો ભાવ હોય તો ૧ાા મણનુ શુ પડે ?

(૧૩) ઝેરૂ રૂ ૦)૦ાા નુ નવટાક મળે છે તો શેર ૦ાા ની કિમત કાઢો.

(૧૪) રૂ ૦)= રતી સોનુ હોય તો માસાનુ શુ ?

(૧૫) ૧ાા પૈસે પાચ શેર વેગણ મળે તો મણ કેમ પડયા ?

(૧૬) રૂ. ૦ા= નુ પાયલી તો ૧ાા ટિપરીનુ શુ પડશે ?

(૧૭) રૂ. ૦ા= નુ ઐાસ ક્વિનિન મળે તો ડ્રામનું શુ પડે?

(૧૮) ડ્રામના ૩ાા પૈસા પડે તો ૨ાાા ઐાસની કિમત શી ?

(૧૯) મે રૂ ૦ા)−ાા ની નવટાક લેખે રૂ ૦ાા ની બદામ લીધી કેટલી આવી હશે ?

(૨૦) પાચ શેર પરવરનો રૂ ૦ાા બેઠા, તો એ લેખે રૂ ૬) ના કેટલા પરવર આવે ?

(૨૧) રૂ ૦ા ની નવટાક એલચી મળે તો રૂ ૧ાા= ની કેટલી આવે ?

(૨૨) રૂ ૦ા≈ નુ રતી સોનુ મળે છે. મે ૨ાા માસાની વાળી કરાવી તો સોનાનુ ખર્ચ કેટલુ ?

(૨૩) રૂ ૦ા= નુ રતી સોનુ આસે તો ૧ાા માસાનુ શુ ?

(૨૪) રૂ ૦)≈ાા ની પાચ શેર દુધી મળે તો રૂ ૦ાા≈ ની કેટલી આવે ?

(૨૫) રૂ ૦)૦ાા શેર તો રૂ ૧ાા≈ નુ કેટલુ ?

(૨૬) રીંગણા ૨ાા પૈસે પાચ શેર વેચાતા હતા મે વેપારીને તેના રૂ ૦ા)≈ાા આપ્યા તો કેટલા લીધેલા ?

(૨૭) રૂ ૨ા ના માસા લેખે રૂ ૨ાા ૦ાા નુ સોનુ કેટલુ આવશે ?

(૨૮) રૂ ૧ા≈ ની મણુ લેખે રૂ ૨)≈ાા ની કેટલી કેરી આવે ?

(૨૯) એક રૂપીઆના ૧૪ શેર ચોખા મળે તો મ ૨ાા ૨ નુ શુ પડશે ?

(૩૦) એક રૂપીઆની ૨૭ાા શેર બાજરી મળે તો રૂ ૩ા≈ ની કેટલી આવશે ?

(૩૧) રૂ ૨૪ા≈ નુ તોલો સોનુ મળે તો ૪ વાલનુ શુ પડશે ?

(૩૨) રૂ ૧૩૫) નો મે ૧૮ ધડી કપાસ વેચ્યો તો એ લેખે ૨ા ધડીનુ શુ ઉપજે ?

(૩૩) રૂ ૨ાા≈ ના મે ૩૮ શેર ઘઉં લીધા તો એ લેખે રૂ ૦ા−ાા ના કેટલા આવત ?

(૨)

ગુણોત્તર ૧૦–હજાર ને સેંકડો, ગાસડી ને રીમ, ઇત્યાદિ.

ઉપરના પરિમાણોનુ ગુણોત્તર ૧૦ છે, એટલે ભારે પરિમાણો હલકાથી દશગણા છે, અને હલકા ભારેના દશમા ભાગના છે. આથી —

ભારેના એકમની કિંમત ૧ રૂ. હોય તો હલકાના એકમની
કિંમત ૧૦ દોકડા આવે.

,,	,,	૨ રૂ.	,,	,,	૨૦	,,
,,	,,	૩ રૂ	,,	,,	૩૦	,,

આ ઉપરથી સમજાય છે કે ભારેના એકમની કિંમત ઉપરથી હલકાના એકમની કિંમત કાઢતાં—

'ભારેના એકમના રૂપીઆથી દશગણા દોકડા' કિંમત આવે છે.

વળી—

ભારેના એકમની કિંમત ૦)– આનો હોય તો હલકાના
એકમની કિંમત ૧૦ બદામ આવે છે.

,,	,,	૦)=	,,	,,	૨૦	,,
,,	,,	૦)≡	,,	,,	૩૦	,,

આ ઉપરથી સમજાશે કે—

' ભારેના એકમના આનાથી હલકાના એકમની કિંમત દશગણી બદામ ' આવે છે

વળી આમ પણ થાય કે—

ભારેના એકની કિંમત ૧) રૂપીઓ હોય તો હલકાના એકમની
કિંમત ૮ સુરતી પૈસા આવે

,,	,,	૨)	,,	,,	૧૬	,,
,,	,,	૩)	,,	,,	૨૪	,,

એટલે કે **' રૂપીઆથી આઠગણા સુરતી પૈસા '** આવે

એથી ઉલટું લઈએ તો –૧. રૂપીઆથી દશગણા રૂપીઆ આવે.

૨ હલકાના એકમની કિંમત ૦)–આનો હોય તો ભારેના

એકમની કિંમત દશ આના=ભાવના આનાથી અડધા રૂપી-
આ ને બમણા આના આવે.

,, ૦)= ,, ૨૦ આના
ભાવના આનાથી અડધા રૂપીઆ ને બમણા આના આવે.

એ ઉપરથી નીકળે છે કે હલકાના એકમની કિંમત આનામા આપી હોય અને તે ઉપરથી ભારેના એકમની કિંમત કાઢવી હોય તો—

' આનાથી અડધા રૂપીઆ ને બમણા આના ' આવે

એજ પ્રમાણે કિંમત પૈસામા આપી હોય તો—

હલકાના એકમની કિંમત ૧ પૈસો હોય તો ભારેના એકમની કિં.
દશ પૈસા=૨॥ આના=ભાવના
પૈસાથી અઢીગણા આના.

,, , ૨ ,, ,, ૨૦ પૈસા=૫
આના=ભાવના પૈસાથી અઢીગણા આના

માટે—**' ભાવના પૈસાથી અઢીગણા આના '** આવે.

૩. એજ પ્રમાણે ભાવ પાઈમા હોય તો, **' પાઈથી પોણા આના ને તેટલીજ પાઇ '** કિંમત આવશે.

એકદર ટૂંકમા કહીએ તો:—

ભારે ઉપરથી હલકાની કિંમત–રૂપીઆથી દશગણા દોકડા.
—આનાથી દશગણી બદામ.
—રૂપીઆથી ૮ ગણા સુરતી પૈસા.

હલકા ઉપરથી ભારેની કિંમત–રૂપીઆથી દશગણા રૂપીઆ.
—આનાથી અડધા રૂપીઆ ને બમણા આના.
—પૈસાથી અઢીગણા આના
—પાઇથી પોણા આના ને તેટલીજ પાઇ

ઉદાહરણ-(૧) રૂ. ૩)ના હજાર નગ તો સેંકડાનું શું ?
(૩×૧૦=૩૦ દો. રૂ. ૦)૫)

(૨) બે આને હજાર તો સેંકડાનું શું ? (૨×૧૦=૨૦ બદામ).

(૩) રૂ. ૧૫)ની ગાસડી તો રીમનું શું ?
(૧૫×૧૦=૧૫૦ ઢોકડા=૧॥ રૂ)

(૪) રૂ ૦ા≡ા ની ગાસડી તો રીમનું શું ?
(૭॥ આના×૧૦=૭૫ બદામ=૦॥।આ. કે૭॥-૧૦=૦॥।આ)

(૫) બે રૂપીએ સેંકડો તો હજારનું શું ? (૨×૧૦=૨૦ રૂ)

(૬) રૂ ૦॥≈ નું રીમ તો ગાસડીનું શું ?
(૧૦×૦॥×૫ રૂ ને ૧૦×૨=૨૦ આના માટે ૫+૧।=૬। રૂ.
કે ૧૦×૧૦=૧૦૦ આના=૬। રૂ,)

(૭) ૨॥ પૈસે સેંકડો તો હજાર કેમ પડે ? (૨॥×૨॥=૬। આને.)

મનોયત્ન ૩.

(૧) રૂ ૨॥ નાં હજાર નળીઆ મળે તો ૪૦૦ નળીઆંનું શું બેસે ?

(૨) રૂ ૦) ન॥ ની હજાર ટાકણી મળે તો ૨૫૦ ટાકણીની કિંમત શી ?

(૩) ગાસડી કાગળના રૂ ૨૪) બેસે તો રીમ કેમ પડે ?

(૪) રૂ ૧૯) ≡॥ ગાસડી તો ૨॥ રીમનું શું ?

(૫) રૂ. ૧॥≡ ની હજાર ઈંટો મળે તો ૨૫૦ ઈંટોની કિંમત શી ?

(૬) હજારના રૂ. ૭॥ તો ૭૫ નગનું શું ?

(૭) રીમની કિંમત રૂ. ૧।-॥ પડી તો ગાસડી કેમ મળેલી ?

(૮) રૂ. ૦)≈॥ ના ૧૦ કાચનાં બટન મળે તો ૩૫૦૦ નગનુ શુ ?

(૯) રૂ ૯)– સેકડો તો ૧૧૨૫ નગનુ શુ ?

(૧૦) હજાર ઇટોનો રૂ ૨॥≈ નો ભાવ છે માટે ૩૭૫ લેવી હોય તો શુ આપવુ પડે ?

(૧૧) રૂ ૧૫॥≈ ના હજાર નગ તો રૂ ૦॥≈ ના કેટલા આવે ?

(૧૨) ૩૦૦ ઘાસની પુળીના રૂ ૧॥≈ બેઠા તો હજાર કેમ પડી ?

(૧૩) રૂ ૪॥≈ ના હજાર મોભીઆ મળે તો ૬૦ નગનુ શુ?

(૧૪) રૂ ૨।≈। ની હજાર ઇટો મળે છે માટે ઘર બાધવા ૬૫,૦૦૦ ઇંટ જોઇએ તો કેટલો ખર્ચ થાય ?

(૧૫) રૂ ૨॥ ના હજાર નળીઆ તો ૦। રૂ ના કેટલા નગ?

(૧૬) રૂ ૦)≈॥ ની ૧૦૦ પેન મળે તો રૂ ૧॥–ની કેટલી?

(૧૬) સો ટાકણીના પડીકાની કિમત ૨॥ પૈસા પડી તો એ લેખે રૂ ૦।≈। ની કેટલી ટાકણી આવે ?

(૧૮) હાથી છાપનુ કાગળનુ રીમ રૂ. ૦॥–॥ નું આવે છે. તો રૂ ૮॥–॥ મા કેટલા રીમ આવશે ?

(૧૯) રૂ ૦। ના સો પુળા મળે તો ૧૪૦૦ અડધા રૂ ના કેટલા ?

(૨૦) રૂ ૩॥ ના હજાર તો રૂ ૦॥ ના કેટલા નગ ?

(૨૧) ગાસડી કાગળ રૂ ૩૨॥–લેખે મળે છે મે કેટલાક રીમ લઇ રૂ ૨૯॥≈ ચુકવ્યા તો કેટલા રીમ લીધેલા ?

(૨૨) ૪ પાઇની એક સીસાપેન લેખે ૧૨૫ નું શુ આપવુ?

(૨૩) રૂ. ૦) ≈॥ ની એક લેખે ૩૭૫ સ્લેટોનુ શુ બેસે ?

(૨૪) ૨૫ દિવસનો પગાર રૂ. ૬પા= મળ્યો તો ૨। દિવસનુ શુ મળશે ?

(૨૫) ૨ા ડઝન મોજાની જોડના રૂ ૩)= પડયા તો એ લેખે ૩ જોડની શી કિંમત થાય ?

---

(૩)

ગુણોત્તર ૧૨—માણી ને મણ, ગ્રોસ ને ડઝન, ડઝન ને નગ, તોલો ને માસા, ફૂટ ને ઇંચ, વર્ષ ને મહિના પૌંડ ને શીલીંગ ઇત્યાદિ

ઉપરના પરિમાણોનુ ગુણોત્તર ૧૨ છે, એટલે ભારે પરિમાણો હલકાથી બારગણા છે અને હલકા ભારેના બારમા ભાગના છે આથી—

ભારેના એકમની કિંમત ૧ રૂ હોય તો હલકાના એકમની કિ. ૩/૪ આના કે ૧૬ પાઇ આવે.

,, ,, ૨ રૂ ૬/૩ આના કે ૩૨ પાઇ આવે

,, ,, ૩ રૂ ૧૨/૩ આના કે ૪૮ પાઇ આવે

માટે—ભારેના એકમની કિંમત ઉપરથી હલકાના એકમની કિંમત—

‘ રૂપીઆથી ૪/૩ ગણા આના, કે
રૂપીઆથી ૧૬ ગણી પાઇ ’ આવે.

વળી.—

ભારેના એકમની કિંમત ૦)-આનો હોય તો હલકાનીની કિંમત ૧ પાઇ આવે

,,	૦)=	,,	૨	,,
,,	૦)≡	,,	૩	,,

માટે—ભારેના એકમની કિંમતના '**આના જેટલી પાઇ**' આવે.

તેમજ —

ભારે એકમની કિંમત ૧ પૈસો હોય તો હલકાના એકમની કિં ૦। પાઇ આવે.

,,	૨	,,	૦।।	,,
,,	૩	,,	૦।।।	,,

માટે—ભારેના એકમની કિંમતના પૈસાથી '**પાગણી પાઇ**' આવે

એથી ઉલટું લઇએ તો—

હલકાના એકમની કિંમત ૦)- આનો હોય તો ભારેનાની કિંમત ૧૨ આના=૦।।। રૂ. થાય
(૧×૦।।।=૦।।।)

,, ,, ૦)= ૨૪ આના=૧।। રૂ. થાય
(૨×૦।।।=૧।।)

,, ,, ૦)≡ ૩૬ આના=૨। રૂ થાય
(૩×૦।।।=૨।)

એ ઉપરથી સમજાય છે કે—

હલકાના એકમની કિંમતના '**આનાથી પોણા રૂપીઆ**' આવે છે

વળી—

હલકાના એકમની કિંમત ૧ પૈસો હોય તો ભારેનાની કિંમત ૧૨ પૈસા=૩ આના થાય.

,, ,, ,, ૨ પૈસા , ૨૪ પૈસા=૬ ,,

„ „ „ ૩ પૈસા „ ૩૬ પૈસા= „

આથી નીકળે છે કે હલકાના એકમની કિંમતના **પૈસાથી ત્રણગણા આના** આવે.' તેમજ —

હલકાના એકમનો કિં૦ ૧ પાઇ હોય તો ભારેનાની કિંમત
૧૨ પાઇ=૧ આનો થાય.
„ „ ૨ પાઇ „ ૨૪ પાઇ=૨ „
„ „ ૩ પાઈ „ ૩૬ પાઇ=૩ „

માટે '**પાઈ જેટલાજ આના**' થાય.

ટૂંકમા —

ભારે ઉપરથી હલકાની કિંમત-રૂપીઆથી $\frac{3}{4}$ ગણા આના, કે
—રૂપીઆથી ૧૬ ગણી પાઈ.
—આના જેટલીજ પાઇ.
—પૈસાથી પાગણી પાઇ.

હલકા ઉપરથી ભારેની કિંમત-આનાથી પોણા રૂપીઆ.
—પૈસાથી ત્રણગણા આના,
—પાઇ જેટલાજ આના.

ઉદાહરણ:—(૧) રૂ. ૯)ની માણી તો મણનુ શુ ?
(૯×$\frac{3}{4}$=૧૨ આના કે ૯×૧૬=૧૪૪-૧૨=૧૨ આના=૦॥। રૂ.
કે ૯-૧૨=૦॥। રૂ.)

(૨) રૂ, ૧૨)નુ ગ્રોસ તો ડઝનનુ શુ ?
(૧૨×૧૬=૧૯૨ પાઇ=૧ રૂ. કે ૧૨-૧૨=૧ રૂ.)

(૩) ૦)=॥ આને ડઝન તો નગનુ શુ ?
(આના જેટલી પાઇ માટે ૨॥ પાઇ.)

(૪) ૩ પૈસે ફૂટ તો ઇંચનુ શુ ? (૩×૦।=૦॥। પાઇ,)

(૫) રૂ. ૦)≡ નુ માસો તો તોલાનુ શુ ? (૩×~॥।=૨। રૂ.)

(૬) બે પૈસાની એક પેન્શીલ તો ડઝનનુ શુ ?
(૨×૩=૬ આના=રૂ. ૦|=)

(૭) પાઈનુ એક બટન તો ડઝનનુ શુ ? પાઇ જેટલા આન
માટે ૦)- આનો)

(૮) મહિનાનુ ખર્ચ રૂ ૦|- હોય તો વર્ષનુ શું ?
(૫×૦|||=૩||| રૂ)

મનોયત્ન ૪.

(૧) રૂ ૬|| ની માણી ડાગર મળે તો ૨|| મણની કિમત કહો.

(૨) રૂ ૧૨||| ની માણી દીવેલી મળે તો ૫ મણનુ શુ ?

(૩) રૂ ૨|| ની ગ્રોસ પેન્સીલ લેખે ૬|| ડઝનની કિમત કાઢો

(૪) રૂ ૧૦|||= ની ગ્રોસ લેખે ૩ ડઝનનુ શુ થાય ?

(૫) ડઝન રબરના ૦)=|| ના ભાવે માગે ૧૦ રબરનુ શુ આપવુ ?

(૬) રૂ. ૧||=ની ડઝન મોજાની જોડ મળે તો ૭ જોડનુ શુ ?

(૭) રૂ. ૩||| ની મોજાની જોડ મળે તો ૧૬ જોડનુ શુ ?

(૮) રૂ ૨૪| નુ તોલો સોનુ મળે તો ૨| માસાની કિમત શી ?

(૯) એક ફૂટના રૂ ૧| ને ભાવે ૨ ઇચ પટીની કિમત કાઢો.

(૧૦) વર્ષનો પગાર રૂ ૨૨૫) તો ૫ માસનુ શુ ?

(૧૧) રૂ. ૦)=|| ની ફૂટ દોરી મળે તો ૭ ઈંચનું શુ બેસે ?

(૧૨) ૦)≡ ની ડઝન સ્ટીલપેન મળે તો ૨|| ગ્રોસનુ શુ બેસે ?

(૧૩) એક ગજીઆકની કિમત રૂ ૦।– લેખે ૨॥ ડઝનની કિમત કાઢો.

(૧૪) ૧। પૈસે એક હોલ્ડર મળે તો ૪॥ ડઝનનુ શુ ?

(૧૫) એક ઔંસ દવાની શીશીના રૂ ૦॥= પડે તો ૨॥ પૌંડનુ શુ પડશે ?

(૧૬) રૂ ૦।≡॥ નુ પૌંડ તો ૧॥ ઔંસનુ શુ ?

(૧૭) એક પાઈનુ એક બટન પડ્યુ, તો ગ્રોસનો શો ભાવ હશે ?

(૧૮) મહિનાનો પગાર રૂ ૧૬॥= હોય તો વર્ષનુ શુ ?

(૧૯) વર્ષનો રૂ ૩૫૦) પગાર ઠરાવી ૪ માસ નોકરી કરી તો શુ મળશે ?

(૨૦) રૂ. ૦)≡॥ ના ડઝન હોલ્ડર મળે તો રૂ ૨॥– ના કેટલા આવે ?

(૨૧) આનાની ઈંચ ફીત મળે તો રૂ ૦॥ ની કેટલી ?

(૨૨) રૂ ૦)૦॥ નુ એક નગ તો રૂ ૦।– ના કેટલા નગ ?

(૨૩) રૂ. ૭॥= મહિનાનો પગાર હોય તો રૂ ૯૧॥ મા કેટલા માસ નોકરી કરવી પડે ?

(૨૪) રૂ ૧)૦॥ નુ માસો સોનુ મળે તો રૂ ૧૮॥ નુ કેટલુ આવે ?

(૨૫) ડઝનનો ભાવ રૂ ૯) હોય તો રૂ ૩॥ મા કેટલા નગ આવે ?

(૨૬) વર્ષે રૂ ૧૨૫) નો પગારદાર રૂ ૪૬॥= પગાર લઇ નીકળી ગયો તો તેણે નોકરી કેટલી મુદત કરેલી ?

(૨૭) ૩ નારંગીના રૂ ૦)= પડે તો ૭૨ ગ્રોસનુ શુ ?

(૨૮) એક રૂપીઆનુ શે. ૧॥= ઘી મળે છે તો મ. ૦॥૨ શેરનું શું પડશે ?

(૨૯) ૨॥ વર્ષ નોકરી કરી ને રૂ ૧૯૫) પગાર મળ્યો તો એ લેખે ૨॥ માસનુ શુ મળત ?

(૩૦) રૂ ૮ાા ની ગાલ્લી ડાગર મળે તો ૨॥ મણનુ શુ બેસે ?

---

(૪)

ગુણોત્તર ૧૬–શેર ને અધોળ, મણુ ને અદીશેરી, કળશી ને મણુ, ગદિઆણો ને વાલ, ગુઠા ને ચોરસ આના, ખરો ને પાયલી, ઇત્યાદિ.

ઉપરનાં પરિમાણોનુ ગુણોત્તર સોળ છે, એટલે ભારે પરિમાણો હલકાંથી સોળગણુા છે, અને હલકા ભારેના સોળમા ભાગના છે. આથીઃ—

ભારેના એકમની કિમત ૧ રૂ હોય તો હલકાના એકમની કિમત ૧ આનો આવે.

,,	,,	૨ રૂ	,,	૨	,,
,,	,,	૩ રૂ	,	૩	,,

માટે—'**રૂપીઆ જેટલાજ આના**' આવે.

વળીઃ—

ભારેના એકમની કિમત ૦)– આનો હોય તો હલકાનાની કિમત ૦। પૈસો આવે.

,,	,,	૦)=	,,	૦॥	,,
,,	,,	૦)≡	,,	૦॥।	,,
,,	,,	૦।	,	૧	,,

માટે—'**આનાથી પાગણા પૈસા**' આવે

એથી ઉલટુ લઇએ તો—

હલકાના એકમની કિમત ૦)- આનો હોય તો ભાગેના એકગની કિ૦ ૧ રૂ થાય

,,	,,	૦)=	,,	૨	,,
,,	,,	૦)≡	,,	૩	,,

માટે— '**આના જેટલાજ રૂપીઆ**' થાય

વળી—

હલકાના એકમની કિમત ૧ પૈસો હોય તો ભારેના એકમના ૪ આના થાય.

,,	૨	,,	૮	,,
,,	૩	,,	૧૨	,,

માટે—'**પૈસાથી ચારગણા આના**' થાય

તેમજ વળી—

હલકાના એકમની કિમત ૧ પૈસો હોય તો ભાગેનાની કિ ॰। રૂ થાય.

,,	૨	,,	૦॥	,,
,,	૩	,,	૦॥।	,,

માટે—'**પૈસાથી પાગણા રૂપીઆ**' થાય

ટૂંકમાં—

ભારે ઉપરથી હલકાની કિંમત–રૂપીઆ જેટલાજ આના.
—આનાથી પાગણા પૈસા.

હલકા ઉપરથી ભારેની કિમત–આના જેટલાજ રૂપીઆ.
—પૈસાથી ચારગણા આના, કે
—પૈસાથી પાગણા રૂપીઆ

ઉદાહરણ —

(૧) રૂ. ૩)નુ શેર તો અધોળનુ શુ ?

(રૂપીઆ જેટલા આના માટે ૦)≡ આના)

(૨) રૂ ૨ાા નુ મણ તો અઢીશેરનુ શુ ? (૦)=ાા આના)

(૩) બે આને શેર તો અધોળનુ ? (૨×૦ા=૦ાા=૧ાા પાઇ)

(૪) ૭ આને મણ તો કળશીનુ શુ ?

(આના જેટલા રૂપીઆ માટે ૬ રૂ)

(૫) ૧૧ પૈસે વાલ તો ગદિઆણાનુ શુ ?

(૧૧×૪=૪૪ આના=૨ાાા રૂ. અથવા ૧૧×૦ા=૨ાાા રૂ)

(૬) રૂ ૧ાા=નુ મણ તો અઢી શેરનુ શુ ?

રૂપીઆ જેટલા આના માટે રૂ ૦)-ાા,૨×૦ા=૦ાા પૈસો

માટે રૂ ૦)-ાા ને ૦ાા પૈસો જવાબ.)

(૭) સાત પૈસે પાયલી તો ૦ાાા ફરાનુ શુ ?

(૭×૦ા=૧ાાા રૂ ૪રાના તો ૨૮×૦ાાા=૨૧ આના=રૂ. ૧ા-જ)

મનોયત્ન ૫.

(૧) રૂ ૧ા નુ શેર તો અધોળનુ શુ ?

(૨) મણનો ભાવ રૂ. ૨ાા હોય તો ૨ાા શેર ઘઉંનું શુ આપવુ ?

(૩) રૂ ૧૩ાા ની કળશી ડાગર મળે છે. મારે ૨ મણ લેવી હોય તો કેટલા રૂપીઆ આપવા પડે ?

(૪) રૂ ૮ાા નુ ગદિઆણો સોનુ તો ૩ વાલનુ શુ ?

(૫) ગુઠા જમીનનુ ગણોત રૂ. ૨ા લેખે ૧૨ આના જમીનનુ શુ ભરવું પડે ?

(૬) રૂ. ૧ાા નો ફરો તો ૭ પાયલીનુ શુ ?

(૭) રૂ ૦)=ની શેર ખાંડ મળે તો શેર ૯)- નુ શું આપવુ ?

(૮) સાકરનો ભાવ મણના રૂ ૫)= હોય તો ૧ા મણ રા શેરની કિંમત કેટલી ?

(૯) ગદિઆણા સોનાની કિંમત રૂ રા= લેખે ૯ વાલ સોનાની કિંમત કાઢો

(૧૦) કળશી તુવરના રૂ ૧૫ાા= બેસે તો રા મણનુ શુ ?

(૧૧) ૦)-ાા આનાની અધોળ હીંગ મળે તો ૧ા શેરનુ શુ પડે ?

(૧૨) રૂ ૧ા-ાા નુ મળે તો કળશી કેમ પડયુ ?

(૧૩) ૩ પેસે વાલ તો ૧ા ગદિઆણાનુ શુ ?

(૧૪) રા શેર બટાકાના રૂ ૦)=ાા આપ્યા તો કળશીનો ભાવ શો ?

(૧૫) રૂ -ાા નુ પાયલી તો ફરાની કિંમત કાઢો

(૧૬) રૂ ૦)-ાા નુ અધોળ તો રૂ ૧ાા નુ કેટલુ ?

(૧૭) રૂ. રાા= નુ મણ તો રૂ ૪૨) નુ કેટલુ આવે ?

(૧૮) ૩ પૈસે વાલ તો રૂ ૦ાા નુ કેટલુ ?

(૧૯) રૂ ૦)≡ાા ના રા શેર કારેલા મળ્યા તો એ લેખે રૂ ૪ા= ના કેટલા આવત ?

(૨૦) રૂ ૧ા=ાા ની મણ ડાંગરને ભાવે રૂ ૩૬ા≡ ની કેટલી ડાંગર આવશે ?

(૨૧) બાજરી રૂ ૧ા= ની મણ મળે છે મારી પાસે રૂ. ૦ા=ાા હોય તો કેટલી આવે ?

(૨૨) ગદિઆણાનો ભાવ રૂ ૧૪ાા= નો હોય તો રૂ ૫ા≡ાા મા કેટલુ સોનુ આવે ?

(૨૩) રૂ. ૦)૦ાાનુ અધોળ તો રૂ. ૦ા= નુ કેટલુ ?

(૨૪) પેસાનુ રા શેર તો રૂ ૧ાા નુ કેટલુ ?

(૨૫) ૨। પૈસે વાલ તો રૂ. ૫)~ નુ કેટલુ ?

(૨૬) રૂપીઆના ૧૬ શેરના ચોખા મળે તો મણ ૬। ૬ શેરની ગુણુની કિંમત શી ?

(૨૭) રૂ ૨૪।। નુ તોલો સોનુ મળે તો ૬ વાલનુ શુ ?

(૨૮) એલચી રૂ. ૪। ની શેર મળે તો રૂ ૦।૦। ની કેટલી આવે ?

(૨૯) રૂ. ૮। ના ૧૦૦૦ નગ મળે તો ૬૨।। નગનુ શુ પડે?

(૩૦) પૈસાની ૫ પેન તો રૂ. ૦। ની કેટલી ?

(૫)

ગુણોત્તર ૨૦—ખાડી ને મણ, ભાર ને ધડી, રીમ ને ધા, કોડી ને નગ, વીશો ને વસો, વસો ને ચો૦ કાડી, મણ ને બશેરી, સેકડો ને પચકડુ (પાચ નગ.) ઇત્યાદિ.

(**નોંધ**–આગળ જણાવેલી વિસ્તારવાળી રીતથી હવે કુચીઓ ઉપજાવી લેવી)

ભારે ઉપરથી હલકાની કિંમત–રૂપીઆથી $\frac{4}{5}$ ગણુા આના
–રૂપીઆથી ચારગણુા સુરતી પૈસા.
–રૂપીઆથી પાંચગણુા ઢોકડા.
–આનાથી પાચગણી બદામ.

હલકા ઉપરથી ભારેની કિંમત-આનાથી સવાગણુા રૂપીઆ.
—પેસાથી પાચગણુા આના.

ઉદાહરણઃ-(૧) રૂ ૨૫)ની ખાડી તો મણનુ શુ ?
(૨૫×$\frac{4}{5}$=૨૦ આના=૧। રૂ અથવા ૨૫×૪=૧૦૦ સુ. પૈસા=૧। રૂ. અથવા ૨૫×૫=૧૨૫ ઢો =૧। રૂ. જવાબ)

(૨) રૂ. ૭ા નો વીઘો તો વસાનુ શુ ?
(૭ાx૪=૩૦ સુ૦ પૈસા=૩ ૦।≈૭)

(૩) ૩ ૦)−ાા ના ધા કાગળ તો રીમનુ શુ (૧ાાx૧ા=રૂ ૧ાા≈)

(૪) ૩ પૈસે નગ તો કોડીનુ શુ ? (૩x૫=૧૫ આના=
રૂ. ૦ાાા≋)

(૫) ધડીના ૩ ૪ા તો ભારનુ શુ ? (૪ાx૨૦=૮૫ રૂ.)

મનોયત્ન ૬.

(૧) ખાડી જુવારનો ભાવ રૂ ૧૬) થાય તો ૪ મણનુ શુ બેસે ?

(૨) કપાસનો ભાવ ભારના રૂ. ૧૩૦) પડયો ૨ાા ધડી કપાસના મારે કેટલા પૈસા આવશે ?

(૩) રૂ. ૨ાા ના રીમને ભાવે મારે ૩ ધા કાગળ મગાવવા છે, કેટલા પૈસા આપવા ?

(૪) રૂ ૪ાા ની કોડી વળીઓ મળે છે તો ૧૪ નગનું શું પડશે ?

(૫) વીધાનુ ગણોત રૂ. ૧૭) હોય તો ૩ વસા જમીનનું શુ આવશે ?

(૬) રૂ. ૧ાા નો વસો તો ૨ કાઠીની કિમત શી ?

(૭) રૂ. ૦ાા નુ એક રીમ તો ૦ાા ધાનુ શુ ?

(૮) કાગળ ૦)−ાા ૧ પાઇના ધા મળે છે તો મારે ૪ાા ધાનુ શુ આપવુ ?

(૯) રૂ. ૨ાા≈. નુ મણ તો ૨ શેરની કિમત શી ?

(૧૦) પાચ ટોપીના રૂ ૦ાા− પડયા તો એ લેખે ૧૨૫ ટોપીની કિમત શી થાય ?

(૧૧) મારે -॥ મણ ચણા લેવા છે ખાડીનો ભાવ રૂ. ૨૦॥= થએલો છે મારે કેટલા પૈસા આપવા ?

(૧૨) ૧૯ ધડી કપાસની, રૂ ૧૨૫)= નો ભાર એ લેખે કેટલી કિમત થાય તે શોધો.

(૧૩) રૂ ०॥= નુ મણ તો ખાંડી કેમ પડયુ ?

(૧૪) ધડી કપાસના રૂ ૪॥।= ના આવ્યા કેમ ભાર હશે?

(૧૫) ૩ પૈસે એક વાસની લાકડી મળે તો ૪ કોડીનુ શુ આપવુ પડશે ?

(૧૬) ૨। પૈસે નગ તો ૬ કોડીનુ શુ ?

(૧૭) રૂ ०)=॥ ના ધા કાગળ મળે તો રૂ ૭॥ મા કેટલા રીમ આવે ?

(૧૮) મણ ચીભડાની કિમત રૂ ०)=॥। પડે તો ૨॥ ખાડીના કેટલા પૈસા આપવા પડે ?

(૧૯) ભારના રૂપીઆ ૧૨૦) લેખે રૂ. ૪॥ નો કેટલો કપાસ ?

(૨૦) ધડી કપાસના રૂ. ૩॥= ઉપજે છે. મને કપાસના રૂ ૭૨॥ વેપારીએ આપ્યા, કેટલો કપાસ વેચેલો ?

(૨૧) ૩ પૈસે નગ તો રૂ ०॥≡ ના કેટલાં નગ ?

(૨૨) રૂ ०)-॥। ના ધા કાગળ મળે તો રૂ પા≡॥ ના કેટલા કાગળ આવે ?

(૨૩) મણની કિમત રૂ ૨।-॥। હોય તો રૂ. ૩૭)≡ મા કેટલા મણ ચણા આવે ?

(૨૪) રૂ ०॥=॥ નો વમો તો વીસો કેમ પડયો ?

(૨૫) ખાડ બાજરીના રૂ ૨૪॥= લેખે રૂ ૩)- મા કેટની બાજરી આવે ?

(૨૬) ધાનો ભાવ રૂ ૦)ના હોય તો રૂ ૧)=ાાા મા કેટલા કાગળ આવે ?

(૨૭) મે રૂ ૪ાા= ની ધડીના ભાવે કપાસ વેચ્યો મને તેના રૂ ૧૧૬)≡ા મળ્યા તો મે કેટલો કપાસ વેચેલો?

(૨૮) રૂ. ૭ાા નુ ૧ાા મણ તેલ આવ્યુ તો ૩ શેરની એ લેખે શી કિંમત પડે ?

) એક રૂપીઆનુ શેર ૪ા≡ તેલ મળે તો શેર ૦)=ાા નુ શુ બેસે ?

(૩૦) ૧૨ાા આનાનુ ૧ાા ૫ મીટર મળે તો રૂ ૧૫ાા= નુ કેટલુ આવે ?

---

(૬)

ગુણોત્તર ૨૪—ભાર ને મણ, ગજ ને તસુ, ધા ને તાવ, ઈત્યાદિ

ભારે ઉપરથી હલકાની કિંમત-રૂપીઆથી $\frac{2}{3}$ગણા આના.

—રૂપીઆથી આઠગણી પાઈ.

—આનાથી અડધી પાઇ

હલકા ઉપરથી ભારેની કિંમત-આનાથી દોઢગણા રૂપીઆ

—પૈસાથી છગણા આના.

—પાઇથી બમણા આના.

ઉદાહરણઃ—(૧) રૂ ૧૫૦) નો ભાર તો મણનુ શુ ?

(૧૫૦×૮=૧૨૦૦ પાઇ=રૂ ૬ા અથવા ૧૫૦×$\frac{2}{3}$=૧૦૦ આના=રૂ ૬ા)

(૨) રૂ ૦)≡ નુ ગજ તો તસુનુ શુ ? (૩×૦ાા=૧ાા પાઇ)

(૩) ૨ પાઇનો એક કાગળ તો ધાનુ શુ ? (૨×૨=૪ આ)

(૪) પૈસે તસુ તો ગજનુ શુ ?

(૬×૬=૩૬ આના=૨ ૨I)

(૫) ૧II પાઇનો એક કાગળ તો રૂ ૦II〜 ના કેટલા કાગળ ?

(૧II×૨=૩ આને ધા માટે ૯–૩=૩ ધા)

મનોયત્ન ૭.

(૧) રૂ. ૧૩૬) ભાર કપાસનો ભાવ હોય તો ૭ મણનુ શું આવે ?

(૨) ગજ બનાતના રૂ ૨I લેખે ૩ તસુની કિંમત કાઢો

(૩) એક ધા કાગળનો રૂ ૦III તો નવ તાવનુ શુ પડે ?

(૪) મે ધર્માદામાં આપેલા ખેતરમા ચાલુ સાલે ૩II મણ કપાસ પાક્યો કપાસનો ભાવ રૂ. ૧૦૫II નો આવ્યો તો કેટલા રૂપીઆ ધર્માદા ખાતે ખરચાયા ?

(૫) રૂ. ૧II= નુ ગજ તો ૨ ગજ ૫ તસુનુ શુ ?

(૬) રૂ. ૩II=II નુ ગજ તો ૩II ગજ ૧ તસુનુ શુ ?

(૭) મણ કપાસના રૂ ૩I= લેખે ભારનું શુ પડે ?

(૮) ૦)〜III નું તસુ તો ૨II ગજનુ શુ પડે ?

(૯) એક પાઇનો એક કાગળ મળે તો ૬ ધાનુ શું ?

(૧૦) પૈસાના ૮ કાગળ મળે તો ૩II ધાનુ શુ પડે ?

(૧૧) મણના રૂ પા〜 લેખે ૧II ભારનુ શુ થાય ?

(૧૨) ૩ પાઇનું તસુ તો ૩ ગજનુ શુ પડે ?

(૧૩) તસુનો ૧II પૈસો તો રૂ ૧)૦II મા કેટલુ કપડું આવે ?

(૧૪) રૂ. ૧૨૦) નો ભાર કપાસ મળતો હોય તો રૂ ૧૪) નો કેટલો આવે ?

(૧૫) રૂ ૩ાા≈ના મણ લેખે માગે કપાસ વેચ્યું તો રૂ. ૩૧) માટે મારે કેટલો વેચવો પડે ?

(૧૬) રૂ ૪૦ાા એ ભાર તો રૂ. ૨ાા≋ નો કેટલો ?

(૧૭) રૂ. ૧૨ાા નો ૪૦ ગજનો તાકો મળે તો ૨૮ વારના તાકાનું શુ બેસે ?

(૧૮) રૂપીઆની ૬ ગજ છીટ મળે તો ૧૧ ગજનુ શુ ?

(૧૯) રૂ ૧૪૪ાાા નો ભાર તો રૂ ૬)૦ા નો કેટલો કપાસ વેચવો ?

(૨૦) તસુની કિંમત રૂ. ૦)ૺાા હોય તો રૂ ૨ાા≈ માં કેટલુ કપડુ આવે ?

(૨૧) ૨ પાઇનો એક કાગળ મળે તો રૂ. ૦ા≋ મા કેટલા ધા કાગળ આવે ?

(૨૨) ગજના રૂ. ૦)≋ તો રૂ ૨૦)ૺ મા કેટલા ગજ કપડુ આવે ?

(૨૩) રૂ ૦ાાાૺાા ગજ કોર આવે તો રૂ ૨૭ા≈ાાની કેટલા ગજ આવે ?

(૨૫) રૂ ૨૪ાાા≈ નુ તોલો સોનું તો ૪ રતીનુ શુ ?

(૨૬) ૨ાા વર્ષનો પગાર રૂ. ૧૬૭ાા મળ્યો તો એ લેખે ૧૧ માસનો કેટલો મળે ?

---

(૭)

ગુણોત્તર ૩૦–ગાલ્લી ને મણ, મહિનો ને દિવસ, ઇત્યાદિ.
ભારે ઉપરથી હલકાની કિંમત–રૂપીઆથી ૮૮ ગણાઆના.

-રૂપીઆથી $\frac{૧૦}{૩}$ ગણા દોકડા,
–રૂપીઆથી $\frac{૬}{૩}$ ગણા સુરતી પૈસા,
–આનાથી $\frac{૧૦}{૩}$ ગણી બદામ,
–આનાથી $\frac{૨}{૫}$ ગણી પાઇ.

હલકા ઉપરથી ભારેની કિંમત–આનાથી બમણા રૂપીઆમાં બમણા આના કમી.
–પૈસાથી નીમે રૂપીઆમા નીમે આના કમી.
–પાઇથી અઢીગણા આના

ઉદાહરણ:–

(૧) રૂ ૬૩)ની ગાસ્લી તો મણનુ શુ ?
(૬૩×$\frac{૧૦}{૩}$=૨૧૦ દો=રૂ. ૨–૧૦ દો.)

(૨) રૂ. ૪પા૰ની ગાસ્લી ડાગર મળે તો મણનુ શુ ?
(૪૫×$\frac{૮}{૧૫}$=૨૪ આના=રૂ. ૧ા અને આ. ૯×$\frac{૧૦}{૩}$=૩૦ બ૦=૦ા આ. ૫ બ. માટે જવાબ રૂ ૧ા ૦ા ૫ બ.)

(૩) રૂ ૨૫) નો મહિનો તો ૭ દિ૦ નુ શુ ?
(૨૫×$\frac{૮}{૧૫}$=૧૩ આ ૪ પાઇ ૧ દિવસની માટે ૧૩ આ. ૪ પાઇ×૭=રૂ પાાા૰ ૧ પાઇ.)

(૪) રૂ ૩૫ નો મહિનો રૂ. ૧૪)માં કેટલા દિવસ નોકરી કરવી પડે ? (૩૫×$\frac{૮}{૧૫}$=૧૮ આ. ૮ પાઇનો એક દિવસ, માટે રૂ ૧૪–૧૮ આ ૮ પાઇ=રૂપીઆના આના કરી ભાગતા દિવસ ૧૨ જવાબ.)

(૫) રોજનો પાઇ ખર્ચ તો વાર્ષિક ખર્ચ કેટલો ?
(પાઇથી અઢીગણા આના માસિક ખર્ચ માટે ૨ા×૧૨=૩૫ આના=રૂ. ૨ાાા૰ વાર્ષિક ખર્ચ.)

મનોયત્ન ૮.

(૧) રૂ. ૭૫) ની ગાસ્સી ઘઉં મળે તો ૭ મણનું શું બેસે ?

(૨) રૂ. ૯૩) ના ગાસ્સી હાસોટી ઘઉં મળે તો ૧૧ મણનું શું ?

(૩) મહિનાનો પગાર રૂ ૪૫) હોય તો ૧૩ દિવસનું શું મળે ?

(૪) રૂ. ૨૧) નો મહિનો ૨॥ દિવસનું શું ?

(૫) રૂ ૫૪) ની ગાસ્સો જુવાર નો ૧૨॥ મણ ૨ શેરનું શું ?

(૬) રૂ ૩૧)≡ નો મહિનો તો ૧૭ દિવસનું શું ?

(૭) રૂ. ૩૭॥ નો મહિનો તો ૫ દિવસનું શું ?

(૮) ગાસ્સી ચણાના રૂ ૪૩ લેખે ૫ મણની કિંમત કાઢો

(૯) મારે ૬ મણ તલ લેવા છે. ભાવ રૂ ૬૭ની ગાસ્સી હોય તો કિંમત શી થશે ?

(૧૦) એક નોકરે રૂ. ૧૩) ના પગારે ૭॥ દિવસ નોકરી કરી તો તેને શું મળશે ?

(૧૧) રૂ. ૨૩) નો મહિનો ૬ દિવસનું શું ?

(૧૨) રૂ. ૦)=॥ નો રોજ તો મહિનો કેમ પડ્યો ?

(૧૩) રૂ. ૦)≡॥ નું મણ તો ગાસ્સીનું શું ?

(૧૪) ૬ પેસા રોજ લેખે ૨॥ માસનો પગાર કાઢો.

(૧૫) રોજનો પાઈ ખર્ચ તો ત્રિમાસિક ખર્ચ કેટલો ?

(૧૬) રોજ રૂ. ૦)-॥। નું શાક જોઇએ તો મહિનાનો ખર્ચ કેટલો થાય ?

(૧૭) રૂ. ૯૦।≡॥ ની ગાસ્સી તો રૂ. ૩)ા નું કેટલું આવે?

(૧૮) મણ ચણાની કિમત રૂ રા≈ાા લેખે રૂ. ૭૭ાા૦ાા મા કેટલા ચણા આવે ?

(૧૯) ૧૨ાા આના રોજ કરીને એક સુથારને કામે બેસાડયો જતી વખતે તેને રૂ ૨૩ા≈ આપ્યા તો તેણે કેટલા દિવસ કામ કરેલુ ?

(૨૦) રૂ (૬૭ાા≈ાા નો મહિનો તો રૂ. ૧૮)= મા કેટલી મુદત નોકરી કરવી ?

(૨૧) ૩ દિવસનો પગાર રૂ ૨ા= મળ્યો તો એ લેખે ૧૩ દિવસનુ શુ મળે ?

(૨૨) રૂ. ૬૬ાૻ ના ગાસ્લી ઘઉ મળે તો રૂ ૭ાા ૦ ના કેટલા ?

(૨૩) રૂ ૪૫ાાૻ ના ગાસ્લી મગ તો ખાડીનુ શુ ? માણીનુ શુ ? કળશીનુ શુ ?

(૨૪) રૂ. ૮૨ાા એ ગાસ્લી લેખે રૂ ૨૦)= કેટલા ઘઉ આવે ?

(૨૫) એક દહાડીઆને જુન માસનો પગાર રૂ ૧૮ાા લેખે પડયો તો એ લેખે ઑગષ્ટ માસનો પગાર કેટલો પડશે ?

(૨૬) ૧૦ ડઝન ટોપીના રૂ ૯૮ા≈ પડયા તો એ લેખે ૪ ટોપીની કિમત કાઢો.

(૨૭) રૂ. ૨ાાૻ ના ૦ાા મણ ચોખા આવ્યા તો એ લેખે ૩૯ શેરની કિમત કાઢો.

(૨૮) રૂપીઆના ૨૨ાા શેર લેખે ૨૨ાા ગાસ્લી ચણાની કિમત કાઢો.

---

(૮)

ગુણોત્તર ૩૨—મણ ને સવાશેરી, એડીઉ ને મણ, તોલો ને વાલ, કળશી ને અધમણીઓ, ઈત્યાદિ

ભારે ઉપરથી હલકાની કિંમત—રૂપીઆથી નીમે આના
—આનાના આઠમા ભાગના પૈસા, કે આનાથી નીમે ઉપઆના.

હલકા ઉપરથી ભારેની કિંમત–આનાથી બમણા રૂપીઆ
—પૈસાથી નીમે રૂપીઆ
—પાઇથી છઠ્ઠા ભાગના રૂપીઆ.

ઉદાહરણ —

(૧) રૂ. ૨૧ નુ મણ તો સવાશેરનુ શુ ?
(૨૧॥×૦॥=૦)ના આનો જવાબ).

(૨) રૂ ૬૪।=નુ એડીઉ તો મણનુ શુ ?
(૬૪–૦॥=૩૨ આના=૨ ૩ અને ૬ આના–૮=૦॥।
પૈસો=૩ ૨) ને ૦॥ પૈસો.)

(૩) રૂ. ૦॥≈ નુ વાલ તો તોલાનુ શુ ?
(૧૬×૨=૩૨ રૂ.)

(૪) ૭ પૈસાનુ અધમણુ તો કળશીનુ શુ ? (૭=૦॥=૩॥ રૂ)

(૫) રૂ ૧॥=॥ નુ વાલ તો રૂ ૨૫) નુ કેટલુ ?
(૨૨॥ આના×૨=રૂ ૪૫, નુ તોલો માટે ૧૫–૩=$\frac{1}{3}$
તોલો=૧૦ વાલ ૨ રતી.

મનોયત્ન ૯.

(૧) કમોદના ચોખા રૂ ૪॥ ના મણ મળે છે મારે શેર ૧। લેવા હોય તો શુ બેસે ?

(૨) રૂ ૫॥॥ નુ એડીઉ તલ મળે છે તો મણનુ શુ ?

(૩) તોલો સોનુ રૂ. ૨૪॥ નુ આવતું હોય તો ૩ વાલની શી કિમત થાય ?

(૪) રૂ ૯॥ ની કળશી ડાળી આવે તો ૩। મણનુ શુ ?

(૫) મણ જુવારનો રૂ ૧॥= ભાવ હોય તો ૩॥ શેરનું શુ થાય ?

(૬) રૂ ૬૫॥ નુ એડીઉં તો ૯। મણની કિમત કાઢો

(૭) મારે ૯ વાલ સોનાની જરૂર છે ગિનિના સોનાનો ભાવ રૂ ૨૧॥=નો છે. તો શી કિમત આપવી પડશે ?

(૮) રૂ ૫૨॥= ની કળશી તો ૨॥ કળશી ૨॥ મણનું શુ પડે ?

(૯) રૂ ૧૮॥ નુ મણ ઘી મળે તો ૦॥ મણ ૮॥ શેરનું શુ છે ?

(૧૦) રૂ ૦॥=નુ તોલો રૂપુ મળે તો ૬ વાલની શી કિમત ?

(૧૧) રૂ ૦)=॥ નુ સવાશેર મીઠુ મળે તો મણ કેમ પડયુ ?

(૧૨) રૂ પૈસાનુ ૨॥ શેર તો ૨॥ મણનુ શું ?

(૧૩) રૂ. ૦॥=॥ નુ અધમણ તો કળશીનુ શુ ?

(૧૪) વાલના રૂ ૦= તો તોલાનું શુ ?

(૧૫) રૂ. ૦)-॥ નુ વાલ તો ૧) રૂ. નુ કેટલુ ?

(૧૬) રૂ. ૨૭॥= નો તોલો તો ૨ તોલા ૪ વાલનુ શુ

(૧૭) રૂ. ૬૮॥ નુ એડીઉ તો રૂ ૨) ૦॥ નુ કેટલુ અ

(૧૮) સવા શેરના ૬ પૈસા પડ્યા તો રૂ ૩) નુ કેટલુ આવે ?

(૧૯) વાલના રૂ ૦)=ા લેખે રૂ ૮ાા નુ કેટલુ આવે ?

(૨૦) મે અધમણ બટાકાના રૂ ૦ા≡ા આપ્યા, એ લેખે મારે રૂ. ૧૮)= ના બટાકા લેવા હોય તો કેટલા આવે?

(૨૧) મણના રૂ ૦ાાા– કિંમત હોય તો રૂ. ૬ાા≡ મા કેટલુ આવે ?

(૨૨) ૨ પેસે ૧ા શેર તો ૨ાા રૂ નુ કેટલુ ?

(૨૩) રૂ. ૨૦ાાા≡ નો તોલો તો ૨ાા તોલા ૧૫ વાલનું શુ થાય ?

(૨૪) અધમણ મરચાના રૂ ૦)=ા પડ્યા તો કળશીનુ શુ? ૧ાાા કળશી ૭ મણ ૫ શેરની શી કિંમત પડે ?

---

(૯)

ગુણોત્તર ૪૦—શેર ને રૂપીઆભાર, મણ ને શેર, એકર ને ગુંઠા, મુડો ને મણ.

ભારે ઉપરથી હલકાની કિંમત–રૂપીઆથી અઢીગણા દોકડા.
—રૂપીઆથી બમણા સુરતી પૈસા.
—આનાથી અઢીગણી બદામ

હલકા ઉપરથી ભારેની કિંમત–આનાથી અઢીગણા રૂપીઆ.
—પૈસાથી દશગણા આના.

ઉદાહરણ:—(૧) રૂ. ૧૦) નુ શેર તો રૂપીઆભારનુ શુ?
(૧૦×૨ાા=૨૫ દો૦=રૂ ૦ા)

(૨) રૂ. ૧૭ાા નુ મણ તો શેરનું શુ ?
(૧૭ાા×૨=૩૫ સુ પૈસા=રૂ ૦ા–)

(૩) રૂ. ૧૦ાા= નો એકર તો ગુઠાનુ શુ ?

(૧૦×૨॥=૨૫ રૂ૦ અને ૧૦×૨॥=૨૫ બદામ માટે
૩ ૦। ૦। જવાબ)

(૪) રૂ ૦।≋ નો મણ ચુનો મળે તો મુડાનુ શુ ?
(૭×૨॥=૧૭॥ રૂ જ)

(૫) ૨॥ પૈસાનુ શેર તો ૧॥ મણનુ શુ ?
(૨॥×૧૦=૨૫ આના મણની કિંમત માટે ૨૫×૧॥=
૩૭॥ આના = રૂ ૨।-॥ જવાબ)

મનોયત્ન ૧૦.

(૧) રૂ ૫) ની શેર એલચી મળે તો તોલાનુ શુ બેસે ?

(૨) મણના રૂ ૭॥ નો પાચ શેરનુ શુ થાય ?

(૩) એકર જમીનના રૂ ૧૩) ભરવાના હોય તો ૯ ગુંઠાનુ શું થશે ?

(૪) રૂ ૩૫) નો મુડો ચુનો મળે તો ૬ મણનુ શુ બેસે ?

(૫) રૂ ૦)≈ ની શેર દ્રાક્ષ મળે તો ૫ રૂપીઆભારનુ શુ ?

(૬) રૂ ૧૮॥ નુ મણ ઘી મળે તો ૭॥ શેરનુ શુ બેસે ?

(૭) એલચી રૂ ૧॥≈ ની શેર મળે છે તો ૩ શેરને ૩ રૂપીઆભારનુ મારે શુ આપવુ પડશે ?

(૮) મારે ઘરમા દાતા દેવડાવવા ૧૧ મણ ચુનો જોઇએ છીએ ભાવ રૂ. ૩૭॥ નો મુડો છે. તો ચુનાનો કેટલો ખર્ચ થશે ?

(૯) રૂ ૯॥≈ ની એકર જમીન તો ૧૩ ગુંઠાનુ શુ ?

(૧૦) રૂ ૩)≈ ની મણ દાળ મળે તો ૨ મણ ને ૧૨॥ શેરનુ શુ બેસે ?

(૧૧) ખાંડ રૂ. ૦)=ા શેર મળે તો મણનો ભાવ શો ?

(૧૨) રૂ. ૧ા≈નો મણ ચુનો મળે તો મુડો કેમ પડયો ?
૧ાાા મુડાનુ શુ થાય ?

(૧૩) એક પૈસાનુ રૂપીઆભર તો ૧ા શેરનુ શુ ?

(૧૪) ૦ાા આનાનુ રૂપીઆભાર તો રૂ. ૧ાા=ા નુ કેટલુ ?

(૧૫) રૂ ૦ાા≈મા ગુઠો જમીન ખેડાય તો ૨ાા એકરનું શું ગણોત ભરવુ પડશે ?

(૧૬) રૂ. ૦ા= મા ગુઠો જમીન ખેડાય તો ૯) રૂ. મા કેટલી જમીન ખેડાશે ?

(૧૭) રૂ. ૦)−ાા નુ શેર જીરૂ મળે તો ૨ાા મણ ૫ શેરનુ શુ ?

(૧૮) રૂપીઆનુ શેર ૧ાા= ઘી મળે છે તો મણ ૧ાા ૫નુ શું બેસશે ?

(૧૯) રૂ. ૩૯)= નો મુડો ચુનો મળે તો ૩ાાા મણનું શુ પડે ?

(૨૦) રૂ. ૧ા નો શેર બદામનો મગજ મળે તો ૩૮ાાા શેરનું શુ બેસે ?

(૨૧) રૂ ૨ાા ની શેર એલચી મળે તો રૂ. ૦)− ની કેટલી આવે ?

(૨૨) શેર કાજુની કિમત રૂ. ૦ા=ાા પડે તો રૂ. ૧૬ા માં કેટલા આવે ?

(૨૩) મણ ચુનાના ૦)≈ાા લેખે રૂ ૮ાાા નો કેટલો ચુનો આવશે ?

(૨૪) ૬ પૈસે રૂપીઆભાર તો રૂ. ૪ાા≈ નુ કેટલુ

(૨૫) રૂ ૨ાા= ની શેર એલચી મળે તો રૂ. ૧૧૫ાા ની કેટલી આવશે ?

(૧૦)

ગુણોત્તર ૪૮—ધડી ને શેર, ગદિઆણો ને રતી, ભાર ને અધમણીઓ, માણી ને દશશેરી, ગજ ને આગળ, ઇત્યાદિ

ભારે ઉપરથી હલકાની કિંમત–રૂપીઆના ત્રીજા ભાગના આના
—રૂપીઆથી ચારગણી પાઈ
—આનાથી ચોથા ભાગની કે પોણી પાઇ

હલકા ઉપરથી ભારેની કિંમત–આનાથી ત્રણ ગણા રૂપીઆ
—પૈસાથી પોણા રૂપીઆ
—પાઇથી ચોથા ભાગના રૂપીઆ કે ચારગણા આના

ઉદાહરણ:—

(૧) રૂ ૬) નો ધડી કપાસ તો શેરનુ શુ પડે ?
(૬−૩=૨ માટે રૂ. ૦)= જવાબ)

(૨) રૂ ૧૨ાાનો ગદિઆણો તો રતીનુ શુ ?
(૧૨ાા×૪=૫૦ પાઇ=રૂ ૦ા ૨ પાઇ)

(૩) અધમણ કપાસના રૂ. ૨ાા= આવ્યા તો ભાર કેમ પડયો ?
(૨×૪૮=૯, રૂ અને ૧૦×૩=૩૦ રૂ. મળીને રુ. ૧૨૬ --નો ભાવ જવાબ)

(૪) ૧૭ પેસાનુ દશ શેર તો માણીનુ શુ ?
(૧૭×૦ાા=૫ા રૂ. જ)

(૫) ૩ પેમાનુ દશ શેર તો રૂ ૦ાાા નુ કેટલુ ?
(૩×૦ાાા=૨ા રૂ નુ માણી માટે ૩ ૦ાાા નું ૧૨−૩=૪ મણ જ)

મનોયત્ન ૧૧.

(૧) રૂ ૪ાાની એક ધડી તો શેરનુ શુ બેસે ?

(૨) રૂ ૫)નો એક ધડી કપાસ મળે તો ૨ાા શેરનુ શુ ઉપજે ?

(૩) રૂ. ૪)= ધડીનો ભાવ છે તો મણ ૦ાા ૫ પાશેરનુ શુ ઉપજશે ?

(૪) રૂ. ૧૩ાા નું એક ગદિઆણો સોનુ મળે તો ૨ રતીનુ શુ ?

(૫) મારે ૪ાા રતી સોનુ લેવુ છે ગદિઆણા સોનાના રૂ ૧૨ાા= બેસે છે. તો મારી પાસે કેટલા પૈસા જોઇએ ?

(૬) રૂ ૧૧૫ાા ભાર કપાસની કિંમત હોય તો અધમણનુ શું ઉપજે ?

(૭) કપાસનો ભાવ રૂ ૧૨૪ાા= નો છે મારે ૧ાા મણ કપાસ વેચવો છે તો શુ ઉપજશે ?

(૮) ડાગરનો ભાવ માણીના ૧૯ાા રૂ હોય તો મણ ૭ાા નુ શુ બેસે ?

(૯) એક માણસના ખેતરમા ૧૦ા મણ ડાગર થઈ તે રૂ ૧૪) ની માણી લેખે વેચતા તેને કેટલા પૈસા ઉપજશે ?

(૧૦) રૂ. ૦)≡ ને શેર કપાસ વેચાય તો ધડીનુ શુ હશે ?

(૧૧) ૨ાા પૈસે શેર કપાસ વેચાય તો ૨ાા ધડીની કિંમત શી ઉપજે ?

(૧૨) ૪ પાઇ એ રતી તો ગદિઆણાનુ શુ ?

(૧૩) રૂ ૩)= અધમણ કપાસના ઉપજ્યા તો શા ભાવે ભાર વેચેલો ?

(૧૪) રૂ ૦)≡ નુ ગજ તો ૨ આગળની શી કિમત ?

(૧૫) ૬ આગળના કડકાના મે રૂ. ૦ા= આપ્યા તો ગજ કેમ પડ્યુ ?

(૧૬) ત્રણ આના ને પાચ પાઇનુ દશ શેર તો માણીનુ શુ ?

(૧૭) રૂ. ૦)≡ાા ની રતી તો ૧ાા ગદિઆણાનુ શુ ?

(૧૮) રૂ ૧૪ાા≡ નુ માણી તો અધમણનુ શુ ?

(૧૯) રૂ ૦)≡ ૨ પાઇનુ રતી તો રૂ. ૨૪ા–ાા નું કેટલુ સોનુ આવે ?

(૨૦) રૂ ૦)≡ા ૧ પાઇનુ રતી તો ગદીઆણાનુ શુ ?

(૨૧) રૂ. ૨૯ા ના માણી તલ આવે તો રૂ ૦ા ૦ાા ૧ાા પાઇના કેટલા ?

(૨૨) ૦ાા પાઇએ રતી તો ૦ાા ગદિઆણાનુ શુ બેશે ?

(૨૩) રૂ ૯ાા ની ધડી તો રૂ ૦ા≡ાા નો કેટલો કપાસ પડે ?

(૨૪) રતીની ૯ પાઇ પડે તો રૂ ૯)નુ કેટલુ સોનુ આવે ?

(૨૫) મને અધમણ કપાસના રૂ ૩ાા= ઉપજ્યા એ લેખે બીજા માણસને કપાસ વેચતા રૂ. ૧૭૪ાાા=ાા ઉપજ્યા તો તેણે કેટલો કપાસ વેચેલો ?

---

(૧૧)

ગુણોત્તર ૬૪:—ફરો ને શેર, બેડીકૂ ને અધમણીઓ, કળશી ને દશશેરી, ઈત્યાદિ.

ભારે ઉપરથી હલકાની કિંમત—રૂપીઆથી પાગણા
આના કે રૂપીઆ જેટ-
લાજ પૈસા.

—આનાથી સોળમા ભા
ગના પૈસા, કે પાગણા
ઉપઆના

હલકા ઉપરથી ભારેની કિંમત–આનાથી ચારગણા રૂપીઆ.
—પૈસા જેટલાજ રૂપીઆ.
—પાઇના ત્રીજા ભાગના
રૂપીઆ.

(૧) રૂ ૬૪) નુ એડીઉ તો ૦॥ મણનુ શુ]
(રૂપીઆ જેટલા પૈસા માટે રૂ ૧) ૦૪)

(૨) રૂ ૩૦। નુ કળશી તો દશ શેરનુ શુ ?
(૩૦॥ પૈસા માટે રૂ ૦।≈॥ ૦॥ પૈસો)

(૩) રૂ. ૦)= નુ શેર તો ફરાનુ શુ ? (૨×૪=૮ રૂ)

(૪) ૩ પૈસે દશ શેર તો કળશીનુ શુ ?
(પૈસા જેટલા રૂપીઆ માટે રૂ ૩) ૦૪)

(૫) ૧૧ પાઇનુ અધમણુ તો એડીઉ કેમ પડયુ ?
(૧૧–૩=$\frac{૧૧}{૩}$ ૩=રૂ ૩।≈॥ ૨ પાઇ)

(૬) રૂ ૨૮) નુ એડીઉ તો રૂ ૦।≈ નુ કેટલુ આવે ?
(કિંમતનુ ગુણોત્તર ૬૪ છે, માટે એડીઆનો ૬૪ મો
ભાગ ૦॥ મણ ૦૪)

મનોયત્ન ૧૨.

(૧) રૂ ૬૪) ની એડીઉ ડાગર મળે તો અધમણનુ શુ ?

(૨) રૂ ૭૪॥ એડીઉ તલ મળે તો ૧॥ મણનુ શુ ?

(૩) ફરાનો ભાવ રૂ. ૮॥ હોય તો શેરનુ શુ પડે ?

(૪) રૂ ૫૪॥ ની કળશી ડાગર મળે તો ૧૦ શેરની કિમત કાઢો.

(૫) રૂ. ૨॥≈ ની ફરો દીવેલી મળે તો ૩॥ શેરનુ શુ?

(૬) રૂ ૭૦॥≈ ઘહુનો ભાવ હોય તો ૩॥ મણ ઘહુના મારે કેટલા પૈસા આપવા પડે ?

(૭) રૂ ૨૧॥≈ ની કળશી બાજરી મળે તો ૦॥ મણનુ શુ?

(૮) ૦)≈॥ આને શેર તો ફરાનુ શુ ?

(૯) અધમણ ઘહુ રૂ. ૧॥≋ ના આવ્યા તો એડીઉ કેમ પડયુ ?

(૧૦) ૩ પએ દશ શેર કોબીજ મળે તો કળશીનુ શુ ?

(૧૧) ૦)≋॥ ની દશ શેર પાપડી મળી તો એ લેખે કળશીનો શો ભાવ પડયો ?

(૧૨) રૂ ૦)ના ૨ પાઇના ૦॥ મણ વેગણ આવ્યા તો ૪ મણનુ શુ ?

(૧૩) રૂ ૦)ના ૧ પાઇનુ શેર દૂધ મળે તો કળશી કેમ પડયુ?

(૧૪) પૈસાનુ દોઢ શેર સુરણુ મળે તો ૨૧ એડીઆનુ શુ ?

(૧૫) રૂ ૩૨॥≈ ની કળશી જુવાર મળે તો રૂ. ૪)ના ની કેટલી આવે ?

(૧૬) ૮ પાઇનો દશ શેર ગુવાર મળ્યો તો એ લેખે રૂ. ૦ના ૧ પાઇનો કેટલો આવે ?

(૧૭) ૩ પેસે દશ શેર તો રૂ. ૩) નુ કેટલુ ?

(૧૮) રૂ. ૧ાા નુ ૧૯ શેર તેલ આવ્યુ તો એ લેખે ૯૬)
રૂ નુ કેટલુ આવે ?

(૧૯) રૂ. ૦ા− નું અધમણ તો રૂ ૨૦) નુ કેટલુ આવે?

(૨૦) પાઇનુ શેર તો રૂપીઆનુ કેટનુ ?

---

(૧૨)

ગુણોત્તર ૯૬—તોલો ને રતી, ભાર ને દગ શેર, પૌડ ને ડ્રામ, ઇત્યાદિ.

ભારે ઉપરથી હલકાની કિંમત-રૂપીઆના છઠ્ઠા ભાગના આના.
—રૂપીઆથી બમણી પાઇ.
—આનાથી આઠમા ભાગની પાઇ.

હલકા ઉપરથી ભારેની કિંમત—આનાથી છગણા રૂપીઆ.
—પૈસાથી દોઢા રૂપીઆ.
—પાઈથી અડધા રૂપીઆ

ઉદાહરણ:—

(૧) રૂ ૨૪) નુ તોલો સોનુ મળે તો રતીનુ શુ ?
(૨૪–૬=૪ આના=રૂ ૦ા જ.)

(૨) રૂ ૧૫૦) નો ભાર તો દશ શેરનુ શુ પડે ?
(૧૫૦–૬=૨૫ આના=રૂ ૧ાા− જ)

(૩) રૂ. ૦ાા ની તોલો ચાદી મળે તો રતીનુ શુ ?
(૧૨–૮=૧ાા પાઇ જ)

(૪) રૂ ૦)− ની રતી તો ૧ાાા તોલાનુ શુ ?
(૧×૬=૬ રૂ. તોલાના×૧ાાા=૧૦ાા રૂ. જ)

(૫) રૂ. ૦)૦ાા ૨ પાઇએ રતી તો તોલાનુ શું ?
(૮–૨=૪ રૂ. જ.)

મનોયત્ન ૧૩.

(૧) રૂ. ૪૮) નુ તોલો સોનુ મળે તો રતી કેમ પડી?

(૨) રૂ. ૧૪૬) નો ભાર કપાસ તો દશ શેરનુ શુ પડે ?

(૩) રૂ ૫૨) નું તોલો સોનુ મળે તો ૨॥ રતીનુ શુ ?

(૪) ભાર કપાસનો ભાવ ૧૪૩) રૂ. હોય તો અધમણનુ શુ ઉપજે ?

(૫) રૂ. ૨૧॥= નુ તોલો ગિનિનુ સોનુ મળે છે મે એક તોલો ૪॥ રતીની એક વીટી કરાવી તો સોનાનુ ખર્ચ કેટલુ થાય ?

(૬) રૂ ૧૨૪॥= નો ભાર કપાસ તો ૧॥ મણનુ શુ?

(૭) ૪ તોલા ૨॥ રતીનુ મેં એક માદળીઉ કરાવ્યુ. સોનાનો ભાવ રૂ. ૨૪)=॥ હતો મજુરી રૂ. ૨) એકા કુલ કેટલી કિમતનુ તે થયુ ?

(૮) રૂ. ૦)=॥ રતી તો તોલાનુ શુ ?

(૯) રૂ. ૦|-॥ રતી તો ૨॥ તોલાનુ શુ ?

(૧૦) ૫૬ પૈસાનો દશ શેર કપાસ વેચાયો તો ભાર કેમ પડયો ?

(૧૧) ૮ પાઇની રતી તો ૩॥ તોલાનુ શુ ?

(૧૨) રૂ. ૬॥ નુ પૌંડ તો ગ્રામનુ શુ ?

(૧૩) ગ્રામના રૂ. ૦)-॥ ૨ પાઇ લેખે ૨॥ પૌંડની કિમત કાઢો

(૧૪) રૂ. ૦)= ૨ પાઇની રતી તો રૂ ૧॥ નુ કેટલુ આવે ?

(૧૫) રૂ ૦| ૧॥ પાઇએ રતી તો રૂ. ૨)- નુ કેટલુ સોનુ?

(૧૬) રૂ. ૧|-| નો દશ શેર કપાસ વેચાય છે, મેં કપાસ વેચીને હપતો ભરવા રૂ ૪૨॥ મેળવ્યા, તો કપાસ કેટલો વેચેલો ?

(૧૭) રૂ ૦|= ૨ પાઇએ રતી તો રૂ ૧૬) નુ કેટલુ સોનુ આવે ?

(૧૩)

ગુણોત્તર ૧૦૦—હજાર ને દશકો, સેકડો ને નગ
મોટો મુડો ને મણ, ઇત્યાદિ

ભારે ઉપરથી હલકાની કિંમત-રૂપીઆ જેટલાજ દોકડા
—આના જેટલીજ બદામ

હલકા ઉપરથી ભારેની કિંમત-આનાથી છગણા રૂપીઆ
—પૈસાથી દોઢા રૂપીઆ ને
તેગલા આના
—પાઇથી નીમે રૂપીઆ ને
ત્રીજા ભાગના આના.

ઉદાહરણ —

(૧) રૂ ૩૦) ના હજાર નગ તો ૧૦ નગનુ શુ ?
(જ ૩૦ દો. રૂ ૦। ૫ દો)

(૨) રૂ ૧।।⌐ નો સેકડો તો નગ કેમ પડ્યુ ?
(૨૫ આના માટે ૨૫ બદામ=રૂ ૦)•। જ)

(૩) રૂ ૩૭।। નો મોટો મુડો તો મણ શુ ?
(૩૭।। દોકડા=રૂ ૦।≈ જ.)

(૪) દશ નગના રૂ ૦।≈ તો હજારનુ શુ ?
(૬×૬।=૩૭।। રૂ. જ)

(૫) ૨।। પૈસે નગ તો સેકડાનુ શુ ?
(૨।।×૧।।=૩।।। રૂ ને ૨।। આના માટે રૂ. ૩।।।≈।।
જવાબ)

(૬) ૧।। પાઇની દશ ટાકણી તો હજારનુ શુ ?
(૧।।×૦।।=રૂ ૦।।। ને ૧।।–૨=૦।। આનો માટે રૂ.
૦।।। ૦।। જ.)

મનોયત્ન ૧૪.

(૧) રૂ ૨૪) ની હજાર ઇંટ મળે તો સેકડાનુ શુ ?

(૨) રૂ ૩૯) ની હજાર વળીઓ મળે તો ૨૫૦ નગનુ શુ?

(૩) રૂ ૩૪ાાની હજાર સાગટી મળે તો ૭૫ નગનુ શુ ?

(૪) રૂ. ૨ાા= ના હજાર નળીઆ મળે ૮૭૫ નગનુ શુ ?

(૫) રૂ ૩ાા ની હજાર બાજ મળે તો ૬૫ નગનુ શુ ?

(૬) કેળની બાજ રૂ ૦ાાા= સેકડો મળતી હોય તો મને ૧૩૫ બાજ લેવામા શુ ખર્ચ થાય ?

(૭) રૂ ૬૮) નો મોટો મુડો ચુનો મળે તો ૩ મણનુ શુ? ૨૩ મણનુ શુ ?

(૮) રૂ ૭૫ા= નો મોટો મુડો ચુનો મળે તો ૭ાા મણનુ શુ પડે ?

(૯) રૂ. ૦)= ના દશ કોડા મળે તો હજારનુ શુ બેસે ?

(૧૦) રૂ ૦)=ાા ની સો પેનની પેટી મળે છે તો દોઢ હજાર પેનનુ શુ પડશે ?

(૧૧) ૧ાા પેસાની એક પેન્સીલ મળે તો સેકડાનુ શુ ?

(૧૨) રૂ ૦)= ની મોજાની જોડ મળે તો ૭૫ જોડનુ શુ બેસે ?

(૧૩) પાઈની એક સ્ટીલ-પેન મળે તો ૧૦૦ની ડબીનુ શુ પડે?

(૧૪) રૂ. ૦ાા= નો મણ ચુનો મળે તો મોટા મુડાનો ભાવ શો ?

(૧૫) ૪ાા પૈસે એક તાળુ મળે તો ૧૧૫ તાળાની કિંમત શી?

(૧૬) ૨ાા પાઇનુ એક હોલ્ડર મળે તો ૨૫૦ હોલ્ડરની શી કિમત પડે ?

(૧૭) બે પૈસે એક કૉપિ મળે છે તો રૂ ૩)= મા કેટલી કૉપિઓ આવે ?

(૧૮) લેખાની એક ચોપડીની કિંમત ૯ પાઇ છે મારે રૂ ૨ા✓ા ની ચોપડીઓ લેવી છે. કેટલી આવશે ?

(૧૯) રૂ ૦)=ા નુ એક પાકીટ મળે તો રૂ ૧૪)✓ મા કેટલા આવશે ?

(૨૦) રૂ ૧ાા= નુ એક ઘડિઆળ મળે તો રૂ ૧૬૨ાા ના કેટલા ઘડિઆળ આવે ?

---

(૧૪)

ગુણોત્તર, ૧૨૦—ગાલ્લી ને દશરેરી કે તોલુ, ઇત્યાદિ.

ભાર ઉપરથી હલકાની કિંમત—રૂપીઆના $\frac{1}{16}$ મા ભાગના આના

—રૂપીઆના $\frac{1}{64}$ ભાગના દોકડા

—રૂપીઆના $\frac{1}{64}$ ભાગના સુરતી પૈસા

—આનાના $\frac{1}{4}$ ભાગની બદામ

હલકા ઉપરથી ભારેની કિંમત—આનાથી $\frac{1}{16}$ ગણા રૂપીઆ.

—પૈસાથી બમણા રૂપીઆમાં બમણા આના કમી.

—પાઇથી દશગણા આના.

ઉદાહરણ:—

(૧) રૂ. ૧૫) ની ગાલ્લી તો દશ શેરનુ શુ ?

(૧૫−૧૫/૨=રૂ. ૦)= જ.)

(૨) રૂ ૪૨॥ ની ગાલ્લી તો દશ શેરનુ શુ ?

(૪૨॥÷૫/૬=રૂ. ૦॥ ૧ દો. જ)

(૩) દશ શેરના ૯ પૈસા તો ગાલ્લી કેમ પડી ?

(૯×૨=૧૮ રૂ. મા ૮×૨=૧૮ આ. કમી માટે રૂ. ૧૬॥।=જ.)

(૪) ૪॥ પાઇએ તોલુ તો ગાલ્લીનુ શુ ?

(૪॥×૧૦=૪૫ આના=રૂ. ૨॥।– જ.)

(૫) ૦।= નુ તોલુ તો રૂ. ૪૫) નુ કેટલુ આવે ?

(કિમતનુ ગુણોત્તર ૧૨૦ છે માટે ૧૨૦ ગણો જવાબ=
૧ ગાલ્લી અથવા આ ૬×૭॥=૪૫ રૂ. ગાલ્લીનો
ભાવ પડે માટે ૧ ગાલ્લી જ.)

મનોયત્ન ૧૫.

(૧) રૂ. ૩૬) ની ગાલ્લી જુવાર મળે તો દશ શેરનુ શુ ?

(૨) રૂ. ૫૨॥ ની ગાલ્લી તલી મળે તો દશ શેરનુ શુ ?

(૩) રૂ. ૮૪॥। ના ગાલ્લી ઘહુ મળે તો ૧॥ મણનું શુ ?

(૪) રૂ. ૬૭॥ ની ગાલ્લી તો ૫ શેરનુ શુ ?

(૫) રૂ ૦।≡ નુ દશ શેર તો ગાલ્લીનુ શુ ?

(૬) ૩ પૈસે તોલુ બોર મળે તો ગાલ્લીનુ શું ?

(૭) ૪ પાઇનું તોલુ તો રૂ ૨॥ નું કેટલુ આવે ?

(૮) ૦≡॥ આને દશ શેર લીંબુ મળે તો રૂ. ૫૬॥ ના કેટલા આવે ?

(૯) ૧૭ પૈસે,ને ૨ પાઇએ તોલુ તો રૂ ૧૭)≡ નુ કેટલુ ?
(૧૦) રૂ. ૦)૦ાાનુ તોલુ તો રૂ. ૦ાાા≡ નુ કેટલુ ?
(૧૧) રૂ ૬૭ાાનુ ગાલ્લી તો ૧ ખાડી ૯ાાા મણનુ શુ ?
(૧૨) રૂ. ૧ા= નુ તોલુ તો રૂ ૬ાાા=નુ કેટલુ ?

---

(૧૫)

ગુણોત્તર ૨૪૦—ગાલ્લી ને પાચશેરી, ભાર ને ચારશેરી, માણી ને બશેરી, ઇત્યાદિ.

ભારે ઉપરથી હલકાની કિંમત–રૂપીઆના ૧૫મા ભાગના આના.
—રૂપીઆના ૧૧ મા ભાગની પાઇ.
—રૂપીઆથી $\frac{2}{3}$° ગણી બદામ.
—આનાથી ૬૦ મા ભાગના પૈસા.

હલકા ઉપરથી ભારેની કિંમત-આનાથી ૧૫ ગણા રૂપીઆ
—પાઇથી ૧૧ ગણા રૂપીઆ.

ઉદાહરણ:—

(૧) રૂ. ૨૨ાા ની ગાલ્લી તો પાચ શેરનુ શુ ?
(૨૨ાા–૧૫=૧ાા માટે રૂ. ૦)–ાા જ.

(૨) રૂ ૪૩ાાા ની ગાલ્લી તો પાચ શેરનુ શું ?
(૪૩ાાા–૧૧=૩૫ પાઇ માટે ૦)=ાાા ૨ પા.)

(૩) રૂ. ૦)≡ાા નુ પાચ શેર તો ગાલ્લીનો શો ભાવ ?
(૩ાા×૧૫=૫૬ાા રૂ. જ.)

(૪) રૂ ૦)=ાા ૧ પાઇનુ પાંચ શેર તો ગાસ્લી કેમ પડે?
(૨ાા×૧૫=૩૭ાા રૂ. ને ૧×૧ા રૂ.=૮ાાા રૂ. જ.)

મનોયત્ન ૧૬.

(૧) રૂ. ૪૫)ની ગાસ્ની જુવાર તો પાચ શેરનુ શુ?

(૨) રૂ ૭૫ાાા≡ ની ગાસ્ની તો પાચ શેરનુ શુ?

(૩) રૂ ૧૩૫)નો ભાર કપાસ તો ૪ શેરનુ શુ?

(૪) રૂ. ૬૩)ની માણી તો ૪ શેરનુ શું?

(૫) રૂ ૦)−નું પાચ શેર તો રૂ ૧૫) નું કેટલુ આવે?

(૬) પૈસાના પાચ શેર ચીભડા મળે તો રૂ ૩ાા ના કેટલા આવે?

(૭) રૂ ૦)−ા નાં પાચ શેર તુરીઆ મળ્યા તો એ લેખે રૂ ૧૮ાાા ના કેટલા આવે?

(૮) પાચ શેર ઘઉના રૂ ૦ા−ાા આપ્યા તો ગાસ્નીનો શો ભાવ હશે?

(૯) ડાગરનો હાલ જે ભાવ છે તે ઉપરથી ગણતા પાચ શેરની કિમત રૂ ૦)=ાા ૨ પાઈ થાય છે તો ભાવ શો હશે?

(૧૦) ૨ાા પાઇએ પાચ શેર વેગણા મળે તો ગાસ્લીનુ શુ?

(૧૧) ૪ શેર કપાસના રૂ ૦ાા= ઉપજ્યા તો એ લેખે ૨ાા ભારની કિંમત કાઢો.

(૧૨) ૨ શેર બાજરીની ૧૧ પાઈ લેખે ૨ માણીની કિમત શી?

(૧૪) ૨ાા પાઇનું પાંચ શેર તો રૂ. ૩ાા=ાા નુ કેટલુ?

(૧૫) રૂ. ૬૩ાા નું ગાલ્લી તો ૧)– નુ કેટલુ ?

(૧૬) બટકા રૂ. ૦)≡ ના પાચ શેર મળે તો રૂ. ૧૨ાા ના કેટલા આવશે ?

(૧૭) પાઇનુ શેર તો ગાલ્લીનુ શુ ?

---

(૧૬)

ગુણોત્તર ૨૫૬–કળશી ને અઢીશેરી, બેડીઉ ને પાંચ શેરી ઇત્યાદિ

ભારે ઉપરથી હલકાની કિંમત–રૂપીઆના ૧૬ મા ભાગના આના.

—રૂપીઆના ૪ થા ભાગના પૈસા.

—રૂપીઆ જેટલાજ ઉપ-આના

હલકા ઉપરથી ભારેની કિંમત–આનાથી ૧૬ગણુા રૂપીઆ.

—પૈસાથી ૪ ગણુા રૂપીઆ

—પાઈથી ¾ ગણુા રૂપીઆ.

ઉદાહરણ—(૧) રૂ ૪૮) ની કળશી તો ૨ાા શેરનુ શુ ?

(૨૮–૧૬=૩ માટે રૂ ~)≡ જ.)

(૨) રૂ. ૩૮) ની કળશી તો ૨ાા શેર કેમ પડે ?

(૩૮ ઉપઆના= ૦)≈ા ૨ ઉપઆના અથવા ૧ાા પાઇ)

(૩) પાચ શેરના ૦)≈ા તો બેડીઉ કેમ પડે ?

(૨ાx૧૬=૩૬ રૂ. જ.)

(૪) ૩ પૈસે અઢી શેર તો કળશીનુ શું ?

(૩x૪=૧૨ રૂ જ.)

(૫) ૪૫ પાઇનુ અઢીશેર તો ૨ મણનુ શુ ?

(૪૫×$\frac{૪}{૩}$=૬ રૂ. કળશીના, માટે ૬–૮=૧૨ આના=રૂ ૦।।।≈.)

મનોયત્ન ૧૭.

(૧) રૂ ૨૬) ની કળશી તો અઢી શેરનુ શુ ?

(૨) રૂ ૬૪।। ની કળશી ડાગર મળે તો અઢી શેરનુ શુ ?

(૩) ઘીનો ભાવ કળશીના રૂ ૨૮૩) હોય તો અઢી શેર ઘીનુ શુ પડે ?

(૪) રૂ ૯૭।। નુ એડીઉ તો પાચ શેરનુ શુ ?

(૫) રૂ. ૦)= નુ ૨।। શેર તો કળશી કેમ પડયુ ?

(૬) રૂ. ૦।= નુ પાચ શેર તો એડીઆનો ભાવ શો ?

(૭) ૬ પૈસે ૨।। શેર દુધી મળી તો કળશીનો ભાવ શો પડયો ?

(૮) ૧।। પાઇએ ૨।। શેર ભાજી મળે તો કળશીનો શો ભાવ ?

(૯) રૂ ૦।≈ ૨ પાઇએ ૨।। શેર તો માણીની કિંમત શી ?

(૧૦) ૩ પૈસે ૨।। શેર પાપડી મળે તે રૂ ૨ ની કેટલી આવે ?

---

(૧૭)

ગુણોત્તર ૩૨૦—મણ ને નવટાંક, ખાડી ને અઢીશેરા ભારે ઉપરથી હલકાની કિંમત–રૂપીઆના ૨૦ મા ભાગના આના.

–રૂપીઆના ૪થા ભાગના સુરતી પૈસા

—રૂપીઆના ૫ મા ભાગના પૈસા.

—રૂપીઆથી પાંચ ગણી બદામ.

હલકા ઉપરથી ભારેની કિંમત—આનાથી ૨૦ગણા રૂપીઆ.

—પૈસાથી પાચગણા રૂપીઆ.

—પાઇથી $\frac{૫}{૩}$ ગણા રૂપીઆ.

(૧) રૂ ૨॥ નુ મણ તો નવટાંકનુ શુ ?

(૨॥−૫=ગા પૈસો=ા॥ પૈસો જ)

(૨) રૂ ૩૫) નુ ખાડી તો ૨॥ શેરનુ શુ ?

(૩૫−૫=૭ પૈસા=રૂ. ૦)−॥। જ)

(૩) ૨ પૈસે નવટાક તો મણ કેમ પડયુ ?

(૨×૫=૧૦ રૂ જ)

(૪) ૨॥ શેરના રૂ. ૦)≡॥। તો ખાડીનુ શુ ?

(૩॥।×૨૦=૭૫ રૂ જ)

(૫) ૧॥ પાઇનુ નવટાક તો દશ શેરનુ શુ ?

(૧॥×$\frac{૫}{૩}$=૨॥ રૂ મણના માટે ૨॥−૪=રૂ ૦॥≈ જ)

મનોયત્ન ૧૮.

(૧) રૂ ૧। નુ મણ તો નવટાકનુ શુ ?

(૨) રૂ ૧॥≈ નુ મણ તો નવટાક કેમ પડયુ ?

(૩) રૂ. ૬૪) ની કળશી તો ૨ શેરની કિંમત શી ?

(૪) રૂ. ૮૦) નુ એડીકુ તો ૧ મણ ને ૪ શેરની કિંમત શી?

(૫) નવટાક એલચીના રૂ. ૦।≈ લીધા તો મણ કેમ પડી ?

(૬) ૨॥ શેર મગના ૦)≂ ના લીધા તો ખાડીનો ભાવ શો ?

(૭) ૩ પૈસે નવટાંક તજ મળે તો મણનો ભાવ શો ?
(૮) ૨ પૈસા ને ૧॥ પાઇએ નવટાંક તો ૧॥ મણનુ શુ ?
(૯) રૂ. ૬૩ ની ખાંડી તો ૨॥ શેરનું શું ?
(૧૦) રૂ ૨૫) નુ મણ ઘી મળે તો રૂ. ૦॥ ૦॥। નુ કેટલું ઘી આવે ?
(૧૧) ૨॥ શેર કારેલાંના ૨॥ પૈસા પડયા તો એ લેખે ખાંડીનો ભાવ કાઢો.
(૧૨) ૩ પૈસે નવટાક મરી મળે તો રૂ ૧॥।≂ નાં કેટલાં આવે?

---

(૧૮)

ગુણોત્તર ૩૬૦—વર્ષ ને દિવસ, ઇત્યાદિ

ભારે ઉપરથી હલકાની કિંમત—રૂપીઆના ૨૨½ મા ભાગના આના.
—રૂપીઆના ½ ભાગના સુરતી પૈસા
—રૂપીઆથી ½ ગણી પાઇ

હલકા ઉપરથી ભારેની કિંમત–આનાથી ૨૨½ગણારૂપીઆ.
—પૈસાથી છગણા રૂપીઆમા છગણા આના કમી.
—પાઇથી બમણા રૂપીઆમા બમણા આના કમી.

ઉદાહરણ:—

(૧) રૂ ૧૩૫) નુ વર્ષ તો રોજ કેમ પડયો ?
(૧૩૫–૨૨॥=૬ આના માટે રૂ ૦।≂ ૪)
(૨) રૂ ૦)≂ નો રોજ તો વર્ષનુ શુ પડયું? (૨×૨૨॥=૪૫રૂ.)

(૩) ૯ પૈસાનો રોજ તો વર્ષનો પગાર કેટલો ?
(૯×૬=૫૪ રૂ. મા ૯×૬=૫૪ આ. કમી, માટે
રૂ. ૫૦॥= જ.

(૪) રોજનો ખર્ચ ૨ પાઇ તો વર્ષનો કેટલો ?
(૨×૨=૪ રૂ. મા ૨×૨=૪ આના કમી, માટે રૂ. ૩॥ જ)

મનોયત્ન ૧૯.

(૧) રૂ. ૪૫) વર્ષનો પગાર હોય તો ૧ દિવસનુ શુ મળે ?

(૨) રૂ. ૫૬। નુ વર્ષ તો ૧ દિવસનો પગાર કેટલો ?

(૩) રૂ ૧૭૧)નુ વર્ષ તો ૫ દિવસનુ શુ ?

(૪) રૂ ૦)=॥ નો રોજ તો વર્ષનો શો પગાર પડયો ?

(૫) રોજ ૪॥ પૈસા શાકનો ખર્ચ થાય તો વર્ષનો કેટલો પડયો ?

(૬) રોજ પાઇની પેદાશ હોય તો વર્ષની કેટલી ?

(૭) એક મજુર રોજ રૂ ૦। કમાય છે અને રૂ ૦)-॥ ખર્ચે છે તો વર્ષે શુ બચાવશે ?

(૮) ૨॥ પાઈનુ દીવેલ રોજ બળે તો વર્ષનો દીવાબત્તીનો ખર્ચ કેટલો ?

(૯) દીવાસળીની પેટી પૈસાની બે મળે છે ઘરમા રોજ એક પેટીનો વપરાશ હોય તો વર્ષનો ખર્ચ કેટલો થાય ?

(૧૦) એ દુકાનદાર રોજ રૂ. ૧। વકરો કરે છે તેને રોજનું ખર્ચ રૂ. ૦।-॥ નું છે તો વર્ષે તે કેટલુ પેદા કરશે ?

પ્રકરણ ૩ જું.

કસર.

વ્યવહારમા પદાર્થોની કિમતની લેવડદેવડ કરતી વખતે કિમતમા અમુક પરિમાણથી વધારે આગળની કિમત લેવા-દેવાની હાજત નહિ એવો જાણે સંકેતજ થઇ ચૂકયો છે. લેનારા કે આપનારા તે સંબધે કઇ પણ બોલતા નથી દાખલા તરીકે પગારના હિસાબોમા કે અન્ય જાતિના હિસા-બોમા પાઇ કરતા કે અડધી પાઈ કરતા આગળ જવુ એ નિરર્થક છે બદામોનો તથા દોકડાનો ઉપયોગ વ્યવહારૂ હિસાબ ગણવામા થાય છે ખરો, પણ ૨૫ બદામનો ૦। આનો થાય છે માટે ૮ કરતા ઓછી બદામ કસર તરીકે છોડી દેવામા આવે છે, અને ૮ કરતા વધારે હોય પણ ૧૬ કરતાં ઓછી હોય તો પાઇ ગણી લેવામા આવે છે, વળી પગા રમા રૂ ૨૫-૯-૨$\frac{3}{4}$ પાઈ જવાબ આવતો હોય તો ફક્ત બે પાઈજ ગણવામા આવે છે જો $\frac{3}{4}$ પાઇ હોય તો આખી પાઇ ગણી લઇ ત્રણ પાઇ ગણી લેવામા આવત આમ સઘળે સમજવુ અડધા કરતા છેલ્લામા છેલ્લુ પરિમાણ ઓછુ હોય તો કસર મૂકવી અને અડધાથી વધારે હોય તો આખુ ગણી લેવુ દિવસ ઉપરથી મહિનાનો કે વર્ષનો પગાર કાઢ-વાના અને એવા બીજા દાખલાઓમા પણ ચોકસજ જવાબ હમેશ આવે એમ વ્યવહારમા ઘણુ કરીને બનતુ નથી, માટે તેમા પણ ઉપર પ્રમાણે કસર ગણી લેવી કે છોડી દેવી. દાખલા તરીકે દિવસના પગાર ઉપરથી મહિનાનો ગણતા રૂ. ૫૦) ને ૧ પાઇ આવે છે તો રૂપીઆ પચાસજ ગણવો.

ઉદાહરણ:—૧ એક મીજબાનીમા માણુસ દીઠ પાંચ આના ખર્ચ આવ્યુ, તો રૂ ૧૬) મા કેટલા માણુસ જમ્યા હશે ?

(રૂ ૧૬×૧૬=૨૫૬ આના–૫=૫૧$\frac{૧}{૫}$ જવાબ આવ્યો, પણ $\frac{૧}{૫}$ માણુસ સભવે નહિ, માટે પૂરા ૫૧ જમનાર ગણવા. $\frac{૨}{૫}$ આવ્યા હોત તો ૫૨ ગણત)

૨ મહિનાનો પગાર ૧૬ રૂપીઆ હોય તો ૧૧ દિવસ નોકરી કર્યા બદલ શુ મળશે ?

(રૂ ૧૬×$\frac{૧૦}{૩}$=$\frac{૧૬૦}{૩}$ દોકડા એક દિવસના $\frac{૧૬૦}{૩}$×$\frac{૧૧}{૧}$= $\frac{૧૭૬૦}{૩}$=૫૮૬$\frac{૨}{૩}$ માટે ૫૮૭ દોકડા =રૂ ૫।।।≈ પગાર મળે ૦।। દોકડો કસરનો ગણી લેવો)

મનોયત્ન ૨૦.

(૧) રૂ ૩૫) નો પગાર તો ૧૧ દિવસનુ શુ મળે ?

(૨) રૂ ૪૩) ની ગાસ્રી જુવાર મળે તો ૭ મણનુ શુ ?

(૩) ૩ મણ ખાડનુ ૨।।। મણ બુરૂ નીકળ્યુ તો મણે કેટલી ઘટ પડી ?

(૪) ૧૩ પૈસે શેર પરવર મળે તો ૭ પૈસાના કેટલા ?

(૫) રૂ ૪।। ના હજાર પુળા ઠરાવી ૧૩૦૦ પુળા રાખ્યા તો શુ આપવુ ?

(૬) ૧ રૂ. ના ૧૯ શેરના ઘઉ મળે તો મણ કેમ પડયા ?

(૭) રૂ. ૧૫૩) નો ભાર કપાસ મળે તો મણ કેમ પડયો ?

(૮) રૂ ૦।≈ નું ગજ મલમલ મળે તો રૂ. ૦।– નુ કેટલુ ?

૯) મહિનાનો પગાર રૂ. ૧૭) ઠરાવી નોકરી કરવા માંડી-
૧૩ દિવસ પછી રાજીનામુ આપવું પડયુ તો પગાર કેટલો મળશે ?

(૧૦) રૂ. ૦)-ાા ના સો લેખે રૂ ૪) ના પાન કેટલા આવશે?

(૧૧) ચાર આને શેર બરફી મળે તો બે પૈસાની કેટલી ?

(૧૨) સાત પૈસાનાં ૫ શેર મરચા મળે તો ચાર આનાનાં કેટલા આવે ?

(૧૩) રૂ ૯૭ાા≈ નો ભાર કપાસ હોય તો ૩ા મણનુ શુ ?

(૧૪) રૂ. ૦)=ાા ની ડઝન પેન્સીલ આવે તો રૂ. ૧) ની કેટલી ?

(૧૫) ૨ પૈસે ૫ નારગી મળે તો ગ્રોસનુ શુ ?

પ્રકરણ ૪ થું.

પરચુરણ દાખલા.

(૧) રૂ. ૯)≡ાા નુ રતી સોનુ મળે છે. એક માણસે ૩ તોલાની કઠી કરાવી અને મજુરીના રૂ. પાા= આપ્યા તો તેને કઠી કેટલાની પડી ?

(૨) દરેક મજુરને રોજના રૂ ૦)=ાા ૨ પાઇ આપવાની કરીને ૯ મજુર કામે લગાડયા. કામ એક માસ ચાલે તો મજુરીનો ખર્ચ કેટલો થશે ?

(૩) દર એકરના રૂ ૧પા≡ાા વીઘોટી ભરવી પડતી હોય તો ૨ાા' ગુઠા જમીનના ખેતરનુ મારે શું ભરવુ પડશે ?

(૪) ૨ માસ ૪ દિવસનો ઘરનો હિસાબ કર્યો તો દરરોજનો ૨ા પૈસા શાકનો ખર્ચ આવેલો જણાયો તો કુલ શાકનો ખર્ચ કેટલો થયો હશે ?

(૫) એક રૂપીઆની ૭ાા શેર સાકર મળતી હોય તો ૭ાા મણનું શું પડશે ?

(૬) રૂપીઆનો ૧૨ શેરનો ગોળ મળે તો રૂ ૦)=ાા નો કેટલો આવે ?

(૭) મેં ૨ાા ખાંડી ઘઉ લીધા. હિસાબ ગણતા માલમ પડયું કે તે રૂ. ૨ાા≡ ના મણ લેખે પડ્યા છે; તો ઘઉના મે કેટલા રૂપીઆ આપેલા ?

(૮) રોજનો પગાર રૂ ૦ાા=ાા હોય તો ૧ાા વર્ષનો કેટલો પગાર થાય ?

(૯) રૂ પાા= ના રીમ કાગળ મળે તો ૨ાા ઘાનું શું પડશે ?

(૧૦) ૧ાા પૈસાનો એક કાગળ મળે તો રીમ કેમ પડયુ ?

(૧૧) ૧૫ રૂપીએ હજાર તો ૧૩૭૫ નગનુ શુ પડશે ?

(૧૨) પૈસાની ૬ પેન મળે તો ૧૦૦૦ ની કિંમત કેટલી ?

(૧૩) મે ૪ પાઈની એક લેખે ૨ાા ડઝન સીસાપેન લીધી અને આનાની ૭ લેખે એક ગ્રોસ નોટબુક લીધી. મારે દુકાનદારને કેટલા પૈસા આપવા ?

(૧૪) એક ઇંચના રૂ. ૦)=ાા બેસે તો ૧ાા વારના કિંમત કાઢો.

(૧૫) ૩ાા પૈસાનુ તસુ કપડુ મળે તો ૨ાાા ગજની કિંમત શી ?

(૧૬) રોજ ૪ાા પાઈનું ગ્યાસતેલ બળે તો દીવાબત્તીનું વાર્ષિક ખર્ચ શું થાય ?

(૧૭) રૂ. ૮૦) મહિનાનો પગાર હોય તો ૩૭ાા દિવસનો શો પગાર થાય ?

(૧૮) રૂ. ૧૭ાા નો તોલો તો ૧ા તોલો ૭ વાલ રાા રતીની કિમત કાઢો

(૧૯) રૂ ૪ાા≈ નો સેકડો તો રૂ. ૦ાા≈ ના કેટલાં નગ આવે ?

(૨૦) રૂ ૨૧ાા=ાા નુ તોલો સોનુ મળે તો ૩ાા વાલ ૨ રતીનુ શુ પડશે ?

(૨૧) રાા પૈસાને ૧ પાઇનુ શેર તો મણનુ શુ ? એડીઆનુ શુ ?

(૨૨) રૂ ૩૨ાા નો એકર તો ૩૧ ગુઠાની કિંમત કાઢો.

(૨૩) મણ ઘીની કિમત રૂ ૧૫ાા= હોય તો ૩ાા શેરનુ શું પડશે ?

(૨૪) રૂ ૧૪ાાા-ાા નો મહિનો તો ૧ાા દિવસનો પગાર કેટલો ?

(૨૫) વર્ષના રૂ. ૮૫ા= તો ૨૨ાા દિવસનો ખર્ચ કેટલો થાય?

(૨૬) રોજની ૧ાાા પાઇલેખે ૧ વર્ષ ૨૪ દિવસની મજુરી કાઢો.

(૨૭) રૂપીઆની ૧૨ તોલા એલચી મળે તો પૈસાની કેટલી ? પાઇની કેટલી ?

(૨૮) ૧ા મણનો રૂપીઓ એમ તો રૂ. ૦)- આનાનુ કેટલું ?

(૨૯) રૂપીઆની ૩ાા શેર સાકર મળે તો ૧૧ા મણ સાકરનું શુ ?

(૩૦) રૂપીઆનુ ૧ા તોલો કેસર મળે તો રા રતીભારનુ શુ ?

(૩૧) રૂપીઆનુ ૧ાા મણ તો શે ૦)ાા= નુ શુ પડશે ?

(૩૨) રૂ. ૬ાા નુ શેર કપુર મળે તો રૂ ૧ાા= નુ કેટલું આવશે ?

(૩૩) શેર મરીની કિમત રૂ ૦ા- હોય તો રૂ ૧)= ના કેટલાં આવે ?

(૩૪) ૬॥ પૈસે શેર ઘીલોડાં મળે તો રૂ. ૩॥ નાં કેટલાં આવશે ?

(૩૫) ૦॥। મણ પસ્તાંના રૂ. ૧૨)≡ ના એઠા તો ૫ શેરનુ શુ પડશે ?

(૩૬) મણના રૂ. ૧૭॥ હોય તો ૨॥ શેર ઘીનું શું આપવું પડે?

(૩૭) ૧ રૂપીઆનું ૩॥। તોલા કેસર આવે તો રૂ. ૨॥।– નું શું બેસે ?

(૩૮) ૮ પાઇનાં શેર કારેલાં મળે તો પૈસાનાં કેટલાં આવે ?

(૩૯) ૨॥ શેર દૂધીનો રૂ.)– આપ્યો તો એ લેખે ૨॥ પૈસાની કેટલી આવે ?

(૪૦) મણ સોપારીના રૂ. ૧૫॥। હોય તો રૂ. ૫॥।=॥ કેટલી આવશે ?

(૪૧) રૂ. ૦॥।=ની મણ દૂધી તો રૂ. ૦)–॥ાની કેટલી આવે?

(૪૨) રૂ. ૨। નુ મણ દૂધ તો ૬। મણ ૮ શેરનુ શું ?

(૪૩) રૂ. ૩૩)ના માણી ઘઉં મળે તો રૂ. ૧૧–॥ ના કેટલા આવે ?

(૪૪) રૂ. ૧૨૧॥ નો ભાર કપાસ તો રૂ. ૨॥।≡। નો કેટલો?

(૪૫) રૂ. ૬૬।– ના ગાલ્લી ઘઉં મળે તો રૂ. ૭॥।૦ ના કેટલા આવશે ?

(૪૬) રૂ. રૂ. ૦)≡ની ૧૦૦ પેન મળે તો ૩ પૈસાની કેટલી ?

(૪૭) ૬૦ ટોપીના રૂ. ૧૦।– તો રૂ. ૪।૦॥। માં કેટલા નંગ આવશે ?

(૪૮) ૧ રૂપીઆનાં ૩॥ મણ લાકડાં મળે છે તો રૂ. ૦)=॥ નાં કેટલાં ?

(૪૯) શેર ચાના રૂ. ૦।≡॥ તો રૂ. ૧)=॥। માં કેટલી ચા આવશે ?

(૫૦) એક વેપારીએ વેપાર માટે રૂ. ૩॥।=॥ ના ભાવે ૧૦ ખાંડી ઘઉં લીધા અને તે રૂ ૪।= ના મણ લેખે વેચ્યા તો તેમા તેને શો નફો થશે?

(૫૧) આનાનુ દશ શેર એ પ્રમાણે ગણીને દળનારીને મેં રૂ. ૫॥।= આપ્યા તો કેટલુ દળણું દળાવેલુ?

(૫૨) ૪૮ પાનાની નોટબુકનો રૂ ૦)૦॥। પડે છે અને ૮૦ પાનાની નોટબુકનો રૂ. ૦)-॥ પડે છે તો એમાથી કઇ લેવી સરી?

(૫૩) એક વર્ગમા રૂ ૦।=॥ ફી ભરવી પડે છે. ફીની એકંદર રકમ રૂ ૧૯॥।=॥ થતી હોય તો વર્ગમા વિદ્યાર્થીઓ કેટલા?

(૫૪) ૧૧ પાઇએ શેર લેખે ૨॥ મણ ૫ શેર દૂધના કેટલા પૈસા આપવા પડે?

(૫૫) પતાસા રૂપીઆના ૬ શેર મળે છે. એક નિશાળમા ૨૪૦ વિદ્યાર્થી છે દરેક વિદ્યાર્થીને શે ૦)= પતાસા આપતા કુલ શો ખર્ચ થાય?

(૫૬) બે વેપારીમાનો એક રૂ ૪૫) ના માણી ઘઉં વેચે છે અને બીજો રૂ ૭૬। ના ખાંડી વેચે છે એમાથી કોને ત્યાથી લેવા સારા? ૩॥ મણની બંનેની કિંમતમા શો ફેર પડશે?

(૫૭) રૂ. ૦)=॥ નુ રૂપીઆભાર તો પૈસાભારનુ શું પડશે?

(૫૮) રૂ. ૧૮॥। નુ ગાલ્લી તો પાઇનું કેટલુ આવશે?

(૫૯) ૨॥ પાઇનુ ૧ અધોળ તો ગાલ્લીનુ શુ પડશે?

(૬૦) એક રૂપીઆની ૨૪ શેર બાજરી મળે તો મણ કેમ પડી?

(૬૧) ૨ પૈસાના ૩ કેળા તો રૂ. ૩।=॥ના કેટલા નગ આવે?

(૬૨) રૂપીઆની ૯ શેરની ખાંડ મળે તો રૂ. ૦)=॥ ની કેટલી આવે ?

(૬૩) રૂપીઆનુ શે. ૨ા= નું ઘી મળે છે તો રૂ. ૦ા= નુ કેટલુ ?

(૬૪) ૨ પાઇનુ નગ તો ૭૫૦ નંગનું શુ ?

(૬૫) રૂપીઆની ૩ા ગજની મલમલ મળે છે. મારૂ એક પહેરણ ૨ા ગજનુ થાય છે તો ૩ પહેરણના કપડાનો ખર્ચ શો થશે ?

(૬૬) રૂ. ૦॥≡ નું ગાસ્ડી તો ખાંડીનુ શું પડશે ?

(૬૭) રૂ ૧૧પા= નો ભાર કપાસ તો ૧ા મણનું શું ઉપજશે ?

(૬૮) રૂ ૪૮॥= ની ખાંડી તો મણ ૯॥ ૮ શેરનું શુ ?

(૬૯) રૂ. ૩૩॥ ની ગાસ્ડી તો મણ ૧॥ ૫ નું શુ ?

(૭૦) રૂ. ૨ા≡ નુ ગજ તો ૧ા ગજ ૩ તસુનુ શુ પડશે ?

(૭૧) રૂ. ૪પા≡ા નો મહિનો તો રૂ. ૧૩॥=ા માં કેટલા દિવસ નોકરી કરવી પડશે ?

(૭૨) રૂ. ૩૭॥~ નો મહિનો તો રૂ. ૧૫)= મા કેટલા દિવસ નોકરી કરવી પડશે ?

(૭૩) રોજનો પગાર રૂ. ૦)=॥ તો મા ૩ા ૨ દિ. નું શુ મળશે ?

(૭૪) રૂપીઆની ૭ા ગજ છીંટ મળે તો ૭ પૈસાની કેટલી મળશે ?

(૭૫) રૂ. ૦)=ા ના સો પાન મળે તો રૂ. ૨ા=॥ નાં કેટલાં પાન આવશે ?

(૭૬) રૂ. ૧૮ા નો એકર તો ૪ એકર ૨ા ગુઠાનુ શુ પડશે ?

(૭૭) રૂ. ૦)≈॥ નાં ૧૦૦ પાન મળે તો રૂ. ૦॥≋ નાં કેટલાં મળે ?

(૭૮) રૂ. ૦।≋॥ નું તોલો કેસર મળે તો ૧॥। મણનું શું પડશે ?

(૭૯) રૂ. ૬૨॥ ની ૧૦૦૦ ચોપડી છપાય તો દરેક ચોપડીનુ શુ પડયુ ?

(૮૦) સો ગંજીફાકના રૂ. ૭॥।– એઠા તો એ લેખે ૪॥ ડઝનનું શુ એસશે ?

(૮૧) રૂ. ૧૦॥≋ ની સો ટાપી આવે છે. મારે એક નિશાળમા છોકરા દીઠ એકેક ટોપી આપવી હોય અને નિશાળમાં છોકરા ૯૨ હોય તો શો ખર્ચ થાય ?

(૮૨) ડઝન નારગીની કિંમત રૂ. ૧॥।≈ હોય તો સેંકડો કેમ પડયો ?

(૮૩) રૂ. ૩॥≈ ની એક ખુરશી તો ૩॥ ડઝન ખુરશીનુ શુ પડશે ?

(૮૪) રૂ. ૬। ની ૧૦૦ નોટબુક મળે તો રૂ ૪॥।– ની કેટલી આવે ?

(૮૫) રૂ. ૦)≈॥ ૨ પાઇનુ નગ તો ગ્રોસનુ શુ પડયુ ?

(૮૬) શેર ૦।– ના રૂ. ૦।≋॥ પડે તો શેરની કિમત કાઢો.

(૮૭) પાચ શેર મરચાના ૮ આના પડે તો મણ ૦॥। ૨॥ શેરનુ શુ ?

(૮૮) ૮) રૂ. નુ મણ તેલ મળે છે, મેં ઘાચીને રૂ. ૯) તેલના આપ્યા તો કેટલુ લીધેલુ ?

(૮૯) ૨॥ શેરના રૂ. ૧૨॥ લેખે ૫ આનાનું કેટલુ ?

(૯૦) નવટાંક કેસરનો રૂ. ૦॥। એસે તો રૂ. ૬) નુ કેટલુ અવો ?

(૯૧) બાજરી રૂ ૩ાા ની ગાલ્લી મળતી હોય તો રૂ. ૩૦) ની કેટલી આવશે ?

(૯૨) રૂ ૦)≋ાા ૨ પાઈની એક સ્લેટ મળે તો ૪ાા ડજનનુ શું પડશે ?

(૯૩) મે સાબુની ગ્રોસની પેટી મગાવી. દરેક સાબુ ૧૧ પાઇએ પડયો તો ગ્રોસનુ શુ બેઠેલુ ?

(૯૪) પાચ ફેરીનો રૂ ૦)ના પડયો તો એ લેખે રૂ. ૧)= ની કેટલી આવશે ?

(૯૫) ૯ પૈસે ડઝન લીંબુ મળે તો ૧૭૨ ગ્રોસનુ શું પડશે ?

(૯૬) એક પૂલ પર જાઆવ કરનાર માણસ પાસેથી રોજ ની એક પાઈ લેવાતી હોય, અને પૂલ પરથી રોજ ૮૭૫ માણસ જાઆવ કરતા હોય તો પૂલની વાષક ઉપજ કેટલી ?

(૯૭) રૂ. ૦)ના ૧ પાઇનુ એક નાળિએર મળે તો ૧૭૫ નાળિએરની કિમત શી થશે ?

(૯૮) ૯૫ છોકરાની એક નિશાળ જમાડતા છોકરા દીઠ રૂ. ૦I– ૧ પાઈ ખર્ચ આવ્યુ તો એકંદર ખર્ચ કેટલુ ?

(૯૯) એક માણસ વર્ષ દિવસે રૂ. ૪૩૨)= બચાવે છે, તેનુ રોજનુ ખર્ચ ૦ાા=૧ પાઇ છે, તો તે રોજ કેટલુ કમાતો હશે ?

(૧૦૦) રૂ ૧૦૦) ની ૪ કળશી ડાગર ગામડેથી આવી. ઘર આગળ તોળતા ૫ શેર ઓછી થઈ તો કેટલા પૈસા કાપી લેવા ?

(૧૦૧) રૂપીએ ૨ પાઇ પ્રમાણે કર ભરવો પડતો હોય તો રૂ. ૧૨૦૦) ની વાર્ષિક આવકવાળાને વર્ષે કેટલો કર ભરવો પડશે ?

(૧૦૨) રૂ. ૦)=॥ નો એક ફૂલનો હાર અને રૂ. ૦)-' ની કલગી હોય તો ૩૯૫ માણુસની એક મીજલ[illegible] હાર-કલગી આપતા શો ખર્ચ થાય ?